

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

**સુવિચાર**
કોઈ ફરક નથી પડતો કે તમારો ચહેરો કેટલો સુંદર છે, જો તમારૂ ચરિત્ર કદરૂપ છે તો તમે કદરૂપ છો !!

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૪૨ તા.૩૧.૦૮.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 42 Dt. 31-08-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# વાવાઝોડાની ઘાત ટળી ! ગુજરાતને ફરી ધમધમતું કરવા કવાયત !

**કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં પડેલા ભારે વરસાદે તારાજી સર્જ્યા બાદ ગુજરાતમાં વાવાઝોડાનુ સંકટ હતુ જે ટળી ગયુ છે. જો કે હવે સરકારને ગુજરાતને ફરી ધમધમતુ અને બેઠુ કરવાનો પડકાર છે. ત્યારે ગુજરાતના મોટાભાગના જિલ્લામાં વરસાદના વિરામ બાદ રીસ્ટોરેશન કામગીરી સાથે સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરીને પ્રાધાન્ય આપવાની કામગીરી સરકારે કરી છે. જો કે તે વચ્ચે તારાજીના દ્રશ્યો સામે આવ્યા હતા અને વરસાદ બાદ નુકશાનીના સર્વે અને આર્થીક સહાય સહિતની કામગીરી માટે સરકારે સજ્જતા દેખાડી છે. તો બિસ્માર બનેલા રસ્તાઓ ફરી જીવંત કરવાનો પણ પડકાર છે.**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત પર વાવાઝોડા અસનાનો હવે કોઈ ખતરો નથી રાજ્યભરમાં આવતીકાલથી તડકો નીકળે તેવી સંભાવના છે. આ પહેલા કચ્છ, દેવભૂમિ દ્વારકા પોરબંદર અને જામનગરમાં ૭૦ થી ૮૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની દહેસત હતી સાથે રાજ્યભરમાં ભારે વરસાદની શક્યતા હતા જો કે આજે રાજ્યભરમાં હળવો વરસાદ પડ્યો હતો જો કે તંત્રએ અગમચેતીના ભાગરૂપે રાજ્યભરમા અસરગ્રસ્ત વિસ્તારમા લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા ગુજરાતમાં મોટાભાગના જિલ્લામાં વરસાદના વિરામ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ મુજબ રીસ્ટોરેશન કામગીરી ઉપરાંત સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેક મોરચે સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરી વેગવાન બનાવી દેવામાં આવી છે.માહિતી આપતા સરકારે જણાવ્યુ હતુ કે વડોદરા શહેર-જિલ્લામાંથી પૂરના પાણી ઓસરતા જ સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરીને પ્રાથમિકતા અપાઈ છે. વડોદરા શહેરમાં માર્ગો દુરસ્ત કરવા ૨૨૪ મેટ્રીક ટન વેટ મિક્સથી ખાડા પૂરાયા છે. શહેરભરના રસ્તાઓ રિપેર કરવા ૩૮ ટેક્ટરો, ૪૨ ડમ્પરો સાથે ૧૫૦ કર્મયોગીઓ દ્વારા થતી પૂર જોશમાં કામગીરી કરી રહ્યા છે. કચ્છ જિલ્લાના માંડવી, અબડાસા, મુન્દ્રા અને ભુજ તાલુકામાં નીચાણવાળા તથા કાચા મકાન ધરાવતા ૮૦૦ નાગરીકોનું સ્થળાંતર કરીને સલામત સ્થળે આશ્રય



આપવામાં આવ્યો હતો જો કે આ આંકડો ૩૦૦૦ જેટલો હતો આ તમામ નાગરિકો માટે સામાજિક સંસ્થાઓની સહાયથી ફૂડ પેકેટ વિતરણ કરવા ઉપરાંત આરોગ્ય તપાસ પણ કરવામાં આવ્યા હતા કચ્છમાં ભુજ માંડવી રોડ, મુંદરા-કાંડાગરા રોડ, ભુજ-લખપત રોડ, નાના કપાયા, મુંદરા, ચિરઈ-લુણવા રોડ, માતાના મઢ રોડ, માંડવી, દયાપર રોડ, કોડાય જંકશન સહિતના રોડ પર વૃક્ષો ધરાશયી થતા તેમજ રોડને નુકશાન પહોંચતા તાત્કાલિક અસરથી વૃક્ષ દૂર કરાયા હતા તેમજ રોડ સમારકામ હાથ ધરીને વાહન વ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યા હતા તો જામનગર શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાંથી બે સગર્ભા મહિલા સહિત ૨૯૦થી વધુ નાગરિકોનું રેસ્ક્યુ તેમજ ૧૫૫૦ નાગરિકોનું સ્થળાંતર કરી તેઓને સુરક્ષિત આશ્રયસ્થાન પૂરું પાડવામાં આવ્યું છે. સ્થળાંતરિત કરાયેલા નાગરીકોમાં ૧.૪૦ લાખ જેટલા ફૂડ પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા વરસાદી પાણીના નિકાલ, સાફ-સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરીને અપાઈ પ્રાથમિકતા આપી સરકારની સુચનાથી વડોદરા શહેરમાં રોગચાળા અટકાયતની યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. ડોર ટુ ડોર સર્વે, મેડિકલ કેમ્પ, ફોગિંગ અને ક્લોરીનની ગોળીઓના વિતરણ માટે સઘન કામગીરી હાથ ધરાઈ છે. ૪૬,૨૮૦ જેટલા પરિવારોની ઘરે ઘરે જઈને આરોગ્ય તપાસ હાથ ધરાઈ છે. વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રોગ અટકાયત કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. એક જ દિવસમાં ૨૩૯ ગામની કુલ ૧.૩૫ લાખની વસતીનું આરોગ્ય વિષયક સર્વેલન્સ કરવામાં આવ્યું છે.સફાઈ બાદ જમીનને સેનેટાઈઝ અને હાઈજીન કરવા માટે મેલેથ્યોન અને ચૂનાના પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે, જે એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી ફંગલ હોય છે. આ સાથે જ રોગચાળો ન ફેલાય તે માટે જંતુનાશક દવાનો પણ છંટકાવ કરાઈ રહ્યો છે. જામનગર શહેરમાં પણ વરસાદના વિરામ બાદ સફાઈકર્મીઓ દ્વારા ૧૪ જેટલા જે.સી.બી. અને ૫ ટ્રેક્ટરની મદદથી નીચાણવાળા વિસ્તારોમાં કાદવ-કીચડ દૂર કરવા ઉપરાંત સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે.મોરબી જિલ્લાની નગર પાલિકાઓમાં પણ પાણી નિકાલ તેમજ સાફ-સફાઈ માટે ખાસ ટીમોની રચના કરીને તાત્કાલિક ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે જ, રોગચાળો ફાટી ન નીકળે તે માટે મોરબી, ટંકારા, હળવદ, વાંકાનેર સહિત તમામ નગરપાલિકા વિસ્તારોમાં દવા છંટકાવ તેમજ ફોગીંગ પણ કરવામાં આવી રહ્યું છે.બનાસકાંઠા જિલ્લામાં વરસાદ પછી ફેલાતા રોગચાળાને અટકાવવા ૭૭૦ ટીમો દ્વારા સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્યલક્ષી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે ૩૮૦ મેડીકલ ટીમ કાર્યરત છે. સાથે જ વાડી અથવા અન્ય દુર્ગમ વિસ્તારોમાં જઈ આરોગ્ય સેવાઓ આપવા માટે ૧૮ મોબાઈલ મેડીકલ ટીમ સેવા આપી રહી છે. અત્યાર સુધીમાં આ ટીમો દ્વારા ૨૦૨૮ ઘરોની તપાસ કરવામાં આવી છે. જ્યારે, ૧૬૪૮૩ ક્લોરીનની ગોળીનું વિતરણ તેમજ ૪૨૩૨ ઓ.આર.એસ. પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું છે.દેવભૂમિ દ્વારકાના વિવિધ આશ્રયસ્થાનોમાં આશરો લીધેલા ૯૪૪ નાગરિકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે તેમજ તેમને ૬૧૦ ક્લોરીન ગોળી અને ૧૭૦ ઓ.આર.એસ. પેકેટ-નું વિતરણ પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ડાયાલીસીસનાં દર્દીઓ માટે જિલ્લા હોસ્પિટલમાં ૨૪૮૭ ડાયાલીસીસ યુનિટ કાર્યરત કરવામાં આવ્યું છે.આ ઉપરાંત બનાસકાંઠાની ડીસા નગરપાલિકામાં, મહેસાણા નગરપાલિકામાં તેમજ પાટણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો સહિત અનેક જિલ્લા-શહેરમાં તંત્રએ સફાઈ ઝુંબેશ, ક્લોરીનેશન, ફ્લોગિંગ સહિતની વિવિધ કામગીરી હાથ ધરી છે. તો રાજકોટમાં પણ ફરી ધમધમતુ કરવા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગયેલા નુકશાન અંગે સર્વે તથા રાહત કામગીરી શરૂ કરાઈ હતી.

## રાજીનામાનો સવાલ જ નથી, મણિપુરના સીએમ

મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે વચન આપ્યું છે કે આગામી છ મહિનામાં રાજ્યમાં સંપૂર્ણ શાંતિ પુનઃસ્થાપિત કરવામાં આવશે. તેણે પદ છોડવાનો પણ ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેણે ન તો કોઈ ગુનો કર્યો છે કે ન તો કોઈ કૌભાંડ કર્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યની ડેમોગ્રાફી બદલવાના પ્રયાસો થઈ રહ્યા છે અને રાજ્યમાં ગેરકાયદે વસાહતો ઉભી થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મણિપુર ન આવવા અંગે પણ મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી હતી. એક ઈન્ટરવ્યુમાં એન બિરેન સિંહે ખુલાસો કર્યો હતો કે તેમણે કુકી-જો અને મેઈતેઈ નેતાઓ સાથે વાત કરવા માટે એક દૂતની નિમણૂક કરી છે. નોંધનીય છે કે મણિપુરમાં મે ૨૦૨૩થી જાતિય હિંસા ચાલી રહી છે. કુકી-જો અને મેઈતેઈ વંશીય જૂથો વચ્ચેના સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૨૨૬ લોકો માર્યા ગયા છે. એન બિરેન સિંહે કહ્યું કે આ વિવાદને વાતચીત દ્વારા ઉકેલી શકાય છે. સંવાદ જ એકમાત્ર રસ્તો છે. સીએમ એન બિરેન સિંહ દ્વારા વાટાઘાટો માટે નિયુક્ત દૂત નાગા ધારાસભ્ય અને હિલ એરિયા કમિટીના અધ્યક્ષ ડીંગંગલુંગ ગંગમેઈ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યમાં શાંતિ માટે મંત્રણાની સાથે સાથે ગૃહ મંત્રાલય અને વિવિધ તપાસ એજન્સીઓ દ્વારા કેન્દ્ર સરકારની ભાગીદારી પણ જરૂરી રહેશે. તેણે કહ્યું કે મને નથી લાગતું કે તે લાંબો સમય ચાલશે. ૫-૬ મહિનામાં શાંતિ પુનઃસ્થાપિત થશે. આ તે છે જે આપણે આશા રાખીએ છીએ અને માનીએ છીએ. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી પોતે મીતાઈ સમાજના છે અને તેના કારણે કુકી સમાજે મુખ્યમંત્રી પ્રત્યે ઘણી વખત અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. જો કે, આ અંગે સીએમએ કહ્યું કે 'તેઓ બંધારણીય પદ પર બેઠા છે અને પોતાને મૈતાઈ તરીકે જોતા નથી. હું સૌનો મુખ્યમંત્રી છું.

## આસામ સરકાર : શુક્રવારે અપાતી બે કલાકની રજા પર પ્રતિબંધનો નિર્ણય

આસામ સરકારે શુક્રવારે નમાઝ માટે આપવામાં આવતી બે કલાકની રજા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના સીએમ હિમંતા બિસ્વા સરમાએ એક્સ પોસ્ટ દ્વારા આ માહિતી આપી છે. આસામ વિધાનસભાના કર્મચારીઓને શુક્રવારની નમાજ માટે ૨ કલાકની રજા લેવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં હવે વિધાનસભાના કર્મચારીઓને આ બ્રેક નહીં મળે.આ પ્રથા ૧૯૩૭માં મુસ્લિમ લીગના સૈયદ સાદુલ્લાએ શરૂ કરી હતી. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ આ અંગે ટ્વીટ કર્યું છે. આ માટે તેમણે વિધાનસભા અધ્યક્ષનો આભાર વ્યક્ત કર્યો છે. એક ટ્વિટમાં, તેમણે કહ્યું કે આ નિર્ણય દ્વારા આસામ વિધાનસભાએ ઉત્પાદકતાને પ્રાથમિકતા આપી છે.

## સુપ્રીમ કોર્ટના ઠપકા પછી, રેવંતેની સ્પષ્ટતા મને ન્યાયિક પ્રક્રિયામાં દ્રઢ વિશ્વાસ છે

સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ સ્પષ્ટીકરણ આપ્યું છે. તેમણે કહ્યું કે મને ભારતીય ન્યાયતંત્રમાં પૂરો વિશ્વાસ છે. હું ભારતીય ન્યાયતંત્રનું સન્માન કરું છું. હું સમજું છું કે ૨૯ ઓગસ્ટે મીડિયામાં મારા નિવેદન પરથી એવું લાગી રહ્યું હતું કે હું માનનીય કોર્ટ પર સવાલો ઉઠાવી રહ્યો છું. હું પુનરોચ્ચાર કરું છું કે હું ન્યાયિક પ્રક્રિયામાં દઢ વિશ્વાસ રાખું છું. મીડિયા રિપોર્ટ્સમાં આપવામાં આવેલા નિવેદનો માટે હું બિનશરતી ખેદ વ્યક્ત કરું છું. આવા અહેવાલોમાં મારા નામે કરવામાં આવેલી ટિપ્પણીઓને સંદર્ભની બહાર લેવામાં આવી છે. મારા નિવેદનનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. મને ન્યાયતંત્ર અને તેની સ્વતંત્રતા માટે સંપૂર્ણ સન્માન છે. હું ભારતના બંધારણ અને તેના સિદ્ધાંતોમાં દઢ વિશ્વાસ રાખું છું. મને ન્યાયતંત્ર માટે સર્વોચ્ચ સન્માન છે અને રહેશે. આ પહેલા સુપ્રીમ કોર્ટે તેલંગાણાના સીએમ રેવન્ત રેડ્ડીએ સુપ્રીમ કોર્ટ વિશે આપેલા નિવેદન સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે સીએમ રેવંત રેડ્ડીના નિવેદનોની ટીકા કરી હતી. કોર્ટે ટિપ્પણી કરી હતી કે બંધારણીય અધિકારી આ રીતે બોલી રહ્યા છે. તેમને કોઈની ટીકાથી કોઈ વાંધો નથી, પરંતુ તેઓ પોતાની વિવેકબુદ્ધિ મુજબ ફરજ બજાવતા રહેશે. રેડ્ડીના નિવેદન પર સખત વાંધો વ્યક્ત કરતા કોર્ટે કહ્યું હતું કે કોર્ટને રાજકીય લડાઈમાં ઘસડવું યોગ્ય નથી.

## વરસાદી આફત બાદ નેતાઓ સામે લોકોમાં ગુસ્સો

વડોદરામાં પૂરની સ્થિતિ બાદ લોકોમાં ભારે રોષ ફેલાયો છે. વડોદરામાં ભારે વરસાદ બાદ નિર્માણ થયેલી પરિસ્થિતિમાં જનતા સાથે એક પણ નેતા ઉભો ન રહ્યો. વડોદરામાં પૂરના પાણી ઓસર્યા બાદ હવે નેતાઓ નાગરિકોના રોષનો ભોગ બન્યા છે. ચૂંટણી સમયે લોકોની તકલીફમાં સાથ આપવાના બણગાં ફૂંકનારા નેતાઓ ખરા સમયે જનતાને કામ ન આવ્યા. શહેરના વિવિધ વિસ્તારોમાં નદીઓના પાણી ફરી વળતાં લોકોની હાલત કફોડી થઈ પરંતુ નેતાઓ પોતાના બંગલામાં બેસી રહ્યાં. આવા સમયે લોકોની ભાળ ન લેનારા નેતાઓ સામે લોકોમાં ગુસ્સો ફાટી નીકળ્યો. હતો વોર્ડ નંબર- ૭ના કોર્પોરેટર બંદિશ શાહ દેખાડો કરવા આવ્યા તો લોકોએ તેમને ભગાડી મુક્યા. તો આવી જ સ્થિતિ ધારાસભ્ય મનીષા વકીલની થઈ.સ્થાનિકોએ ધારાસભ્યનો હુરિયો બોલાવ્યો હતો. લોકોના રોષનો ભોગ તો વિધાનસભાના દંડક બાળુ શુક્લા અને શહેર ભાજપ પ્રમુખ વિજય શાહને પણ બનવું પડ્યું. આવુ ગુજરાતમાં અન્ય જગ્યાએ પણ બન્યુ હતુ લોકોની પરેશાની સમયે ગાયબ થઈ જતા નેતાઓ સામે લોકોમાં ભારો રોષ જોવા મળી રહ્યો છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનો ઘેરાવો થતા પોલીસે દરમિયાનગીરી કરી લોકોને દૂર હટાવ્યા હતા.

## વડોદરામાં પાણી ઓસરતા ૧૩ મૃતદેહો મળ્યા

વડોદરા શહેરમાં ૩૦ ફૂટે પહોંચેલુ પાણી ઓછું થવા લાગ્યું છે અને આ સ્તર ૨૬ ફૂટે પહોંચ્યુ છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૧૩ મૃતદેહો મળી આવ્યા છે. આ આંકડો હજુ વધી શકે છે. આ ઉપરાંત પાણી ભરાઈ જવાના કારણે શહેરમાં ત્રણ દિવસ સુધી અંતિમ સંસ્કાર થઈ શક્યા નથી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસર્યા બાદ નુકસાનની સ્થિતિ સામે આવવા લાગી છે. હાલમાં શહેરમાં અલગ-અલગ જગ્યાએથી ૧૩ મૃતદેહો મળી આવ્યા છે. બીજી તરફ ત્રણ દિવસથી એકપણ મૃતદેહના અંતિમ સંસ્કાર થયા નથી. તેથી આજે સ્મશાનગૃહમાં મૃતદેહોની કતાર લાગી હતી. સોમવારે જન્માષ્ટમીના દિવસે શરૂ થયેલા વરસાદને કારણે આ પાણી ભરાયા હતા. ત્યારે વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું. શહેરના જે વિસ્તારોમાં ક્યારેય પૂરનો અનુભવ થયો ન હતો ત્યાં પણ ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. જેના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા.વડોદરામાં વિશ્વામિત્રી નદીના કારણે થયેલા વિનાશ બાદ વિશ્વામિત્રી નદીના પુનઃવિકાસ માટે રૂ. ૧૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરાઈ હતી.

## શૂટર અવનીએ પેરાલિમ્પિક્સમાં ફરીથી ગોલ્ડ જીત્યો

નવીદિલ્હી, તા.૩૦

ટોક્યો પેરાલિમ્પિક્સમાં ભારત માટે એક ગોલ્ડ મેડલ સહિત બે મેડલ જીતનાર પેરા શૂટર અવની લેખારા એ પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારત માટે વધુ એક ગોલ્ડ મેડલ જીત્યો છે. બીજા દિવસે જ તેણે મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ એસએચ ૧ ઈવેન્ટમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ રીતે ભારતે પેરિસ પેરાલિમ્પિકમાં શાનદાર શરૂઆત કરી છે. તે જ સમયે, ભારતની મોના અગ્રવાલે આ જ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અવનીએ ટોક્યો પેરાલિમ્પિકમાં ૨૪૯.૬નો સ્કોર કરીને પેરાલિમ્પિક રેકોર્ડ બનાવ્યો હતો. આ



વખતે તેણે ૨૪૯.૭નો સ્કોર કર્યો અને પોતાનો જ પેરાલિમ્પિક રેકોર્ડ તોડ્યો. જ્યારે, મોનાએ ૨૨૮.૭ના સ્કોર સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. દક્ષિણ કોરિયાની યુનરી લીએ ૨૪૬.૮નો સ્કોર કરીને સિલ્વર મેડલ જીત્યો હતો. એક સમયે મોના ટોપ પર આવી ગઈ હતી, પરંતુ આ પછી કોરિયન શૂટરે સારા શૂટિંગના થોડા રાઉન્ડ બાદ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અવની ત્રીજા ક્રમે આવી ગઈ હતી. જોકે તેણે જબરદસ્ત વાપસી કરી હતી. ૨૧ શોટ બાદ અવની અને યુનરીના સ્કોર બરાબર હતા, પરંતુ કોરિયન શૂટર ટોચ પર હતી. મોનાની સફર ૨૨ શોટ બાદ ત્રીજા સ્થાને રહીને સમાપ્ત થઈ. અવનીએ ૯.૯ અને યુનરીએ ૨૩મા શોટમાં ૧૦.૭નો શોટ લીધો હતો. ૨૪મા અને છેલ્લા શોટમાં અવનીએ ૧૦.૫ જ્યારે યુનરીએ ૬.૮નો સ્કોર કર્યો હતો. આ રીતે અવનીએ ગોલ્ડ મેડલ જીત્યો. અવનીએ ટોક્યો પેરાલિમ્પિકમાં એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ સહિત બે મેડલ જીત્યા હતા.

## સેન્સેક્સ અને નિફ્ટી : ઓલ-ટાઈમ ઉચ્ચ સપાટીએ

મુંબઈ, તા.૩૦

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ભારતીય શેરબજાર વધારા સાથે બંધ થયું હતું. બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ આજે ટ્રેડિંગ દરમિયાન તાજી ઓલ-ટાઈમ હાઈ સપાટી બનાવી છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૨૮ ટકા અથવા ૨૩૧ પોઈન્ટના વધારા સાથે ૮૨,૩૬૫ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૨ શેર લીલા નિશાન પર અને ૮ શેર લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી આજે ૦.૩૩ ટકા અથવા ૮૩ પોઈન્ટના વધારા સાથે ૨૫,૨૩૫ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૧ શેર લીલા નિશાન પર અને ૯ શેર લાલ નિશાન પર હતા.

શુક્રવારે નિફ્ટી પેક શેરોમાં સૌથી મોટો વધારો સિપ્લામાં ૨.૩૩ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૨.૦૭ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ૧.૯૭ ટકા, ડિવિસ લેબમાં ૧.૮૪ ટકા અને એનટીપીસીમાં ૧.૭૮ ટકાનો વધારો નોંધાયો હતો. આ સિવાય સૌથી મોટો ઘટાડો ટાટા મોટર્સમાં ૧.૧૩ ટકા, ૐૅઢહ્લઝ બેક્રમાં ૦.૭૮ ટકા, ટેક મહિન્દ્રામાં ૦.૭૨ ટકા, કોલ ઈન્ડિયામાં ૦.૬૮ ટકા અને રિલાયન્સમાં ૦.૫૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે નિફ્ટી રિયલ્ટીમાં સૌથી વધુ ૧.૬૦ ટકાનો વધારો નોંધાયો હતો. આ સિવાય નિફ્ટી મિડસ્મોલ હેલ્થકેરમાં ૧.૪૫ ટકા, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસમાં ૦.૨૨ ટકા, નિફ્ટી હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧.૩૯ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેક્રમાં ૦.૩૧ ટકા, નિફ્ટી પીએસયુ બેક્રમાં ૦.૨૧ ટકા, નિફ્ટી ફાર્મામાં ૧.૫૪ ટકા, નિફ્ટી ૪૦ ટકા મેટલ, નિફ્ટી આઈટી ૦.૫૬ ટકા, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ ૦.૨૭ ટકા, નિફ્ટી ઓટો ૦.૭૫ ટકા અને નિફ્ટી બેક્ર ૦.૩૯ ટકા વધ્યા હતા.

## ગુજરાતમાં ૪૩ લાખ બાળકોને અસર કરતુ, મધ્યાહન ભોજનનુ મેનુ બદલાયુ

અમદાવાદ, તા.૩૦

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના બાળકોને હવે મધ્યાહન ભોજનમાં રોજ શાક ભાજી ખાવા મળશે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોના મેનુમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં શાકભાજીના વધુ ઉપયોગ પર ભાર મૂકાયો હોવાનું જાણવા મળે છે. અગાઉના મેનુમાં સપ્તાહમાં બે વખત વિદ્યાર્થીઓને શાક મળતું હતું, પરંતુ નવા મેનુમાં સપ્તાહમાં પાંચ દિવસ શાકભાજી પીરસવામાં આવશે. અગાઉ દાળ ઢોકળી અને વેજ પુલાવ સાથે શાક અપાતું ન હતું, પરંતુ નવા મેનુમાં આ ખાદ્યચીજો સાથે પણ બાળકોને શાક પણ આપવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, પી.એમ. પોષણ યોજના હેઠળ રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બપોરનું ગરમ ભોજન આપવામાં આવે છે. શિક્ષણ વિભાગના ૨૦૨૦ના ઠરાવથી પી.એમ. પોષણ યોજનામાં બાળકોને આપવામાં આવતા ભોજનનું મેનુ નક્કી કરવામાં આવેલું છે. શિક્ષણ વિભાગના ૨૦૨૪ના ઠરાવ અનુસાર, પી.એમ. પોષણ યોજના અંતર્ગત અઠ-વાડિયામાં એક દિવસ બાળકોને સુખડી આપવામાં આવે છે. રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ રાજ્યકક્ષાની સ્ટીયરીંગ કમ મોનિટરીંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત મેનુના અમલી કરણમાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઈ જરૂરી સુધારા-વધારા કરવા સૂચન કરવામાં આવ્યું હતું. આમ, બેઠકમાં થયેલા સૂચનને પગલે પીએમ પોષણ યોજનાના મેનુમાં બદલાવ કરી સરકાર તરફથી નિયત થયેલા અનાજ, કઠોળ, તેલ અને લીલા શાકભાજીના જથ્થા ના પ્રમાણ જાળવી સમગ્ર રાજ્યમાં એક સાથે અમલમાં મૂકી શકાય તે મુજબનું વાનગી મેનુ નિયત કરવા ટેકનિકલ એડવાઈઝરી કમિટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

## મહારાષ્ટ્રમાં શિવાજીની મૂર્તિ તૂટતા વિવાદ : મોદીએ માફી માંગી

**મહારાષ્ટ્રમાં શિવાજીની મૂર્તિ તૂટતા ભારે વિવાદ થયો છે. જો કે આ મામલે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પંરતુ રાજકારણ ગરમાયા બાદ વડાપ્રધાને માફી માંગી છે**

મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તોડવાના કેસમાં શુક્રવારે પહેલી ધરપકડ કરવામાં આવી હતી. સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટની કોલ્હાપુરથી ધરપકડ કરવામાં આવી છે.કોલ્હાપુર ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે સવારે ૩ વાગ્યે સિંધુદુર્ગ કેસમાં સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલની ધરપકડ કરી હતી. પાટીલની માલવણ પોલીસ સાથેના સંયુક્ત ઓપરેશન હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી કોલ્હાપુર પોલીસે આરોપીને માલવાન પોલીસને સોંપી દીધો.અગાઉ, પોલીસે કોન્ટ્રાક્ટર અને આર્કિટેક્ટ જયદીપ આપ્ટે અને સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ ચેતન પાટીલના આરોપી તરીકે નામ આપ્યા હતા. છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તોડી પાડવાના મામલામાં બે લોકો વિરુદ્ધ ફરીયાદ નોંધવામાં આવી છે. બેદરકારી અને કામની નબળી ગુણવત્તાનો તેમજ પ્રતિમાની આસપાસના લોકોને સંભવિત રૂપે નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.સિંધુદુર્ગ ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ ૪ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતું, જ્યારે સિંધુદુર્ગમાં પ્રથમ વખત નૌકાદળ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિમાનો ઉદ્દેશ્ય મરાઠા નૌકાદળના વારસા અને છત્રપતિ શિવાજી મહારાજના દરિયાઈ સંરક્ષણ અને સુરક્ષા તેમજ આધુનિક ભારતીય નૌકાદળ સાથેના તેના ઐતિહાસિક સંબંધનું સન્માન કરવાનો હતો.

આ પ્રોજેક્ટ રાજ્ય સરકારના સહયોગથી ભારતીય નૌકાદળ દ્વારા પરિ-કલ્પના અને નેતૃત્વ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે સરકારે ભંડોળ પૂરું પાડ્યું હતું.શિવાજીની પ્રતિમા તુટી પડ્યા બાદ રાજ્યમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. શિવસેના સહિત તમામ વિરોધ પક્ષો આ મુદ્દે ભાજપ અને શિંદે સરકારને ઘેરી રહ્યા છે.છત્રપતિ શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમાનું ૮ મહિના પહેલા ૪ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું. જો કે મુર્તી તુટી જતા વિવાદ થયો છે. મહારાષ્ટ્ર ચુંટણી પહેલા પ્રતિમા તુટવાનો મામલો ભારે રાજકીય ગરમાવો પકડી રહ્યો છે અને આ મામલે રેલી સહિતના કાર્યક્રમો આપવાની પણ જાહેરાત કરાઈ હતી ૨૬ ઓગસ્ટ ના રોજ છત્રપતિ શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમા ધરાશાયી થઈ હતી, જે બાદ રાજ્યમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ નારાજગી વધી ગઈ હતી. કોંગ્રેસે પીએમ મોદી પર નિશાન સાધ્યું તો શિવસેના (યુબીટી) એ રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું.

### વડાપ્રધાન મોદીએ માફી માંગી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પડવા બદલ માફી માંગી છે. આ પહેલા કોંગ્રેસ અને શિવસેના યુબીટીએ પ્રતિમાના પતનના મુદ્દે કેન્દ્ર અને રાજ્ય સરકારો પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસે સવાલ કર્યો હતો કે શું વડાપ્રધાન આ માટે માફી માંગશે? .જો કે વિવાદ વચ્ચે વડાપ્રધાને કહ્યું કે, જ્યારે ભાજપે મને ૨૦૧૩માં વડાપ્રધાન પદનો ઉમેદવાર બનાવ્યો ત્યારે મેં સૌથી પહેલા રાયગઢ કિલ્લામાં જઈને છત્રપતિ શિવાજી મહારાજની સમાધિની સામે બેસીને પ્રાર્થના કરી અને રાષ્ટ્ર સેવાની નવી યાત્રા શરૂ કરી.તેમણે કહ્યું, અમારા માટે છત્રપતિ શિવાજી મહારાજ પૂજનીય ભગવાન છે. સિંધુદુર્ગમાં તાજેતરમાં જે કંઈ પણ થયું, હું માથું નમાવીને મારા આદરણીય દેવતા છત્રપતિ શિવાજી મહારાજના ચરણોમાં માફી માંગું છું. તેમણે કહ્યું, "છત્રપતિ શિવાજી મહારાજ પાસેથી પ્રેરણા લઈને, અમે વિકસિત મહાર-ાષ્ટ્ર-વિકસિત ભારતના સંકલ્પ પર ઝડપથી આગળ વધી રહ્યા છીએ. વડાપ્રધાને કહ્યું, "વીર સાવરકરને અપમાનિત કર્યા પછી પણ તેઓ માફી માંગવા તૈયાર નથી.

## કોલકાતા રેપ-મર્ડર કેસ બાદ મમતાનો ફરી મોદીને પત્ર

કોલકાતા, તા.૩૦

કોલકાતા રેપ-મર્ડર કેસને લઈને મમતા બેનર્જીએ વડાપ્રધાન મોદીને બીજો પત્ર લખ્યો છે. આમાં મમતાએ કહ્યું- હતુ કે મેં ૨૨ ઓગસ્ટે પત્ર લખીને બળાત્કારીને કડક સજા આપવા માટે કાયદો બનાવવાની માગ કરી હતી, પરંતુ આવા સંવેદનશીલ મુદ્દા પર મને તમારી તરફથી કોઈ જવાબ મળ્યો નથી.સરાકારે જવાબ આપ્યો પરંતુ આ મુદ્દાની ગંભીરતાને ધ્યાનમાં લીધી ન હતી. હું ફરીથી વિનંતી કરું છું કે કેન્દ્ર સરકાર બળાત્કાર અને હત્યા જેવા જઘન્ય અપરાધો પર કડક કાયદો બનાવે. આ કાયદામાં નિર્ધારિત સમયમાં કેસનો અંત લાવવાની જોગવાઈ પણ હોવી જોઈએ.અગાઉ મમતાએ પત્રમા કહ્યુ હતુ કે દેશમાં દરરોજ ૯૦ રેપ થઈ રહ્યા છે. ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવી જોઈએ. એના જવાબમાં ૨૬ ઓગસ્ટે મહિલા વિકાસમંત્રી અન્નપૂર્ણા દેવીએ મમતાને એક પત્ર લખ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે ૧૨૩ ફાસ્ટટ્રેક કોર્ટ છે, પરંતુ એમાંથી મોટા ભાગની બંધ છે. સીએમ મમતા બેનર્જીએ મોદીને પત્ર લખ્યો હતો જેમા કહ્યુ હતુ કે વર્તમાન ડેટા દર્શાવે છે કે દેશમાં દરરોજ ૯૦ રેપ કેસ થઈ રહ્યા છે. મોટા ભાગના કિસ્સાઓમાં બળાત્કાર પીડિતાની હત્યા કરવામાં આવે છે. આ વલણ ડરામણું છે. આ સમાજ અને દેશના આત્મવિશ્વાસ અને અંતરાત્માને હચમચાવે છે. મહિલાઓને સલામતીનો અહેસાસ કરાવવો એ આપણી ફરજ છે.આ માટે જરૂરી છે કે કેન્દ્ર સરકાર એક કડક કાયદો બનાવે, જેમાં આવા જઘન્ય ગુના કરનારાઓને કડક સજાની જોગવાઈ હોય. આવા કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા જોઈએ. પીડિતાને ઝડપથી ન્યાય મળે એ માટે ૧૫ દિવસમાં ટ્રાયલ પૂર્ણ થાય એ જરૂરી છે.

## આજનું રાશિફળ

**મેષ :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પસાર કરવા નું શીખવું જોઈએ. જો તમે આ ન કરો, તો પછી તમે ઘરે સદ્ભાવના બનાવી શકશો નહીં. તમારા જીવનસાથી સાથે આજે તમે સારો એવો ખર્ચ કરવાના છો એવું જણાય છે, જો કે ખર્ચ કરવા છતાં તમે તેની સાથે અદભુત સમય માણશો.

**વૃષભ :**

આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. સામાન્ય લગ્નજીવનમાં આજનો દિવસ સ્વાદિષ્ટ મીઠાઈ જેવો બની રહેશે.

**મિથુન :**

આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઈમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

**કર્ક :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. આજે, તમે ટીવી અથવા મોબાઇલ પર મૂવી જોવા માટે એટલા વ્યસ્ત થઈ શકો છો કે તમે મહત્વ પૂર્ણ કાર્યો કરવા નું ભૂલી જશો.

**સિંહ :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ. તમારા જીવનસાથીને કારણે તમે આજે તકલીફમાં હો એવું તમને લાગ્યા કરશે.

**કન્યા :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે. આજે તમે તમારા જીવનસાથી ને આશ્ચર્યચકિત કરી શકો છો, તમારા બધા કામ સિવાય, તમે આજે તેમની સાથે સમય પસાર કરી શકો છો. તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા. જો તમારી વાત સાંભળવા માં આવી રહી નથી, તો નિયંત્રણ ન ગુમાવો પણ પરિસ્થિતિ ને સમજવા નો પ્રયત્ન કરો.

**તુલા :**

આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ. પ્રવાસ કરવા માટે બહુ સારો દિવસ નથી. આજે તમે તમારા જીવનસાથી સાથે ફરીથી પ્રેમમાં પડશો કેમ કે તે આ માટે યોગ્ય છે.

**વૃશ્ચિક :**

આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમે જો બધું જ બરાબરકરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો. તેથી, આજ નો દિવસ તમારા માટે ઉત્તમ દિવસ બની રહ્યો છે. આજે તમને તમારા માટે પૂરતો સમય મળશે. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

**ધન :**

આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે. પ્રેમમાં આજે તમારી વિવેકાધીન બુધ્ધિનો ઉપયોગ કરો. તમારો અભિપ્રાય પૂછાય ત્યારે શરમાતા નહીં-કેમ કે તમારા અભિપ્રાય માટે તમારા ખાસ્સા વખાણ થવાના છે. આજે તમારા જીવનસાથી ખાસ્સા રોમેન્ટિક જણાય છે. આજે ફોટોગ્રાફી દ્વારા તમે આવતીકાલે આવતી કેટલીક સરસ યાદો ને કેપ્ચર કરી શકો છો; તમારા કેમેરા નો યોગ્ય રીતે ઉપયોગ કરવા ના ભૂલતા.

**મકર :**

આજના દિવસે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્રઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. પ્રવાસની તકોનો લાભ લેવો જોઈએ. તમારા જીવનસાથીની તબિયતને કારણે તમે આજે તાણ હેઠળ રહો એવી શક્યતા છે. જો એક નાનો વ્યક્તિ પણ તમને સલાહ આપે છે, તો તે સાંભળો કારણ કે ઘણી વખત તમને નાના લોકો પાસે થી જીવન જીવવા ની મોટી શીખ મળે છે.

**કુંભ :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. તમારી પાસે સમય હશે પરંતુ આ હોવા છતાં તમે એવું કંઈ પણ કરી શકશો નહીં જે તમને સંતોષ આપે. માત્ર નાનકડા પ્રયાસને કારણે, આજનો દિવસ તમારા લગ્નજીવનનો શ્રેષ્ઠતમ દિવસ સાબિત થશે.

**મીન :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું ખૂબ જ મુશ્કેલ બની રહેશે. તમારામાંના પ્રચંડ આત્મવિશ્વાસનો લાભ લો અને બહાર નીકળીને નવા સંપર્કો તથા મિત્રો બનાવો. તમારા વ્યસ્ત સમયપત્રકને કારણે તમારા જીવનસાથી તમારી વફાદારી પર શંકા કરશે, પણ દિવસના અંતે તેને આ વાત સમજાશે અને તે તમને આલિંગન આપશે. સમય ચોક્કસપણે મફત છે, પરંતુ તે કિંમતી પણ છે, તેથી તમારા અધૂરા કાર્યો પૂર્ણ કરી ને તમે આવતીકાલે નિશ્ચિત આરામ કરી શકો છો.

# યુદ્ધના ધોરણે ૨૪ કલાકમાં કચ્છને ફરીથી ધમધમતું કરાશે

**કેશડોલ,ઘરવખરી, મકાન ધરાશાયી,પશુ મૃત્યુ અને કૃષિ નુકસાનીની સહાય ચૂકવવા માટે સર્વે કામગીરીનો કચ્છમાં પ્રારંભ ભારે નુકશાની હોય તેવા રસ્તાઓ સહિત જાહેર માળખાકીય સુવિધાઓને ૪૮ કલાકમાં જ શરૂ કરવાનો લક્ષ્યાંક રોડ રસ્તા, વીજ પુરવઠાના પુનઃસ્થાપન સહિત રિસ્ટોરેશન કામગીરી આગામી ૨૪ કલાકમાં પૂર્ણ કરશે ટીમ કચ્છ**

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત તાલુકાની જાત મુલાકાત લઈને આજરોજ કલેક્ટર કચેરી ખાતે પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ સમીક્ષા બેઠક યોજી હતી. ડીપ ડીપ્રેશન અને વાવાઝોડાની અસરના લીધે પડેલા ભારે વરસાદ બાદ જનજીવન ઝડપથી સામાન્ય થાય, નાગરિકોને નુકશાની સહાયનું ઝડપથી વિતરણ થાય અને વીજ પુરવઠો પુનઃસ્થાપિત થાય તેમજ રોગચાળો ફાટે નહીં તે માટે આરોગ્યલક્ષી પગલા તુરંત જ લેવામાં આવે એ બાબતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.કચ્છમાડુઓના ખમીરને બિરદાવીને પ્રભારીમંત્રીએ સરકારને સહયોગ આપવા માટે જાહેરજનતાનો આભાર માન્ય હતો.આ સાથે સમયસૂચકતા દાખવીને યુદ્ધના ધોરણે રાહત બચાવની કામગીરી કરવા પદાધિકારીઓ સહિત



જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓની ટીમ કચ્છને અભિનંદન પાઠવ્યા હતા.

કચ્છમાં ખાસ કરીને કનેક્ટિવિટી માટે રોડ રસ્તાઓનું રિપેરિંગ,વીજ પુરવઠાનું પુનઃસ્થાપન અને રોગચાળો ફાટે નહીં તે માટે આરોગ્યલક્ષી પગલાઓ લેવા સૂચના અપાઈ હતી. ખૂબ જ ઝડપથી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને અસરગ્રસ્ત નાગરિકોને સહાયની ચૂકવણી કરવા તાકીદ કરી હતી. સાથે વરસાદ અને પવનના લીધે જિલ્લામાં પશુમરણ, મકાન ધરાશયી, ઘરવખરી નુકશાની અને કૃષિમાં અંદાજિત નુકશાનીનો પ્રાથમિક અહેવાલ અધિકારીઓ પાસેથી માંગીને ઝડપથી સર્વેની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. કચ્છના અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરીમાં વિલંબ પડે નહીં તે માટે બહારના જિલ્લામાંથી ટીમો ફાળવવા પણ રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેવો દાવો કરાયો હતો

# મુન્દ્રામાં તોફાની વરસાદ બાદ માર્ગો બંધ, જનજીવન અસ્તવ્યસ્ત





**મુન્દ્રામા પડેલા ભારે વરસાદ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થયુ હતુ, અનેક લોકોનુ સ્થળાતંર : ૫૦ જેટલાં શ્રમિકો એ રસ્તા બંધ થતા બસ સ્ટેન્ડ માં આશરો લીધો. મુન્દ્રા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા, ખેતીને નુકશાન : પાલિકા-તંત્રએ મુન્દ્રાને ધબકતુ કરવુ પડશે**

કચ્છમાં વરસાદે ભલે વિરામ લીધો છે.પરંતુ ત્રણ દિવસ પહેલા વરસાદે કચ્છમાં ભારે તારાજી સર્જી છે. ત્યારે મુન્દ્રાના હાલ પણ બેહાલ છે. ગુરૂવારે વરસાદ બાદ મુન્દ્રાનો ખેંગાર સાગર ડેમ ઓવરફ્લો થતા તેના પાણી વાંકી, ટોડા,મંગરા, થઈ મુન્દ્રા ની ભૂખી અને કેવડી નદીમાં આવ્યા હતા જેને કારણે નદી બે કાંઠે વહી નીકળી હતી.ભૂખી નદીના કાંઠે,મુન્દ્રાના ડાક બંગલા પાસે નદી નો પ્રવાહ વિશેષ હોતા મુન્દ્રા થી ભુજ, માંડવી, પોર્ટ બાજુ શક્તિ નગર, જીરો પોઈન્ટ બાજુનો માર્ગ બંધ થઈ ગયો હતો. લોકોને ભોરારા થઈ ને જવુ પડ્યુ હતુ તેવી જ રીતે ભૂખી નદીનો બીજો પ્રવાહ શાસ્ત્રી મેદાન પાછળ ના રોડ પર વહેતા નદી બે કાંઠે વહી હતી અને આ રોડ પરથી કંપની ના હજારો વાહન પસાર થાય છે. જે માર્ગ પણ વરસાદે બંધ કર્યો હતો થઈ ગયો છે, આ રોડ પર થી સુખપર વાસ ના લોકો પસાર થાય છે આ વિસ્તાર પણ મુન્દ્રા થી વિખૂટો પડી ગયો હતો. તેમજ મુન્દ્રા ની ટેલિફોન કચેરી, વનવિભાગની ઓફિસ તરફ જવાનો રસ્તો બંધ થતા આ વિસ્તારમાં આવતા પીપળેશ્વર મહાદેવ અને અગનેશ્વર મહાદેવ મંદિર વચ્ચે ભૂખી નદી હોવાથી ભક્તો મંદિરે જઈ શકશે નહીં આ સાથે અગનેશ્વર મહાદેવ મંદિર બાજુમાં આવેલ બગીચામાં ૪૦થી ૫૦ લોકો છે જેઓને ભૂખી નદીના ખુલ્લા ઝૂપડામાંથી પ્રશાસન એ સલામત સ્થળે આશરો આપ્યો હતો.મુન્દ્રા થી નદીવાલા નાકા થી ડાક બંગલા સુધી બીજા દિવસે પણ ભૂખી નદીના પાણી ચાલુ હોવાથી રસ્તો પુર્વવત થયો ન હતો.તો બીજી તરફ ભૂખી નદી નો ત્રીજો પ્રવાહ જુના બંદર રોડ પર આવેલ આદર્શ છાત્રાલય સામેથી પસાર થાય છે. જ્યાં શુક્રવારે પણ ભૂખી નદીના પાણી ધસમસ્તા વહી રહ્યા હતા આ રોડ પર થી કોસ્ટલ પોલીસ સ્ટેશન, પ્રાંત કચેરી, સમુદ્ર ટાઉનશીપ વિવિધ મંદિરો, જૂનો બંદર, અદાણી હોસ્પીટલ જેવા મહત્વના સ્થળો આવેલા છે. પરંતુ ભારે પાણીના પ્રવાહને કારણે રસ્તો બંધ રાખી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.મુન્દ્રાના આદર્શ ટાવર નજીક નાના તળાવ પાસે આવેલ પાણી ના છેલ્લામાં આજે સવારે પણ પાણી વહેતા હતા અને આ વિસ્તાર માં થી પસાર થતા વાહન ચાલકો પરેશાની માં મુકાયા હતા.આ તરફ મુન્દ્રાનો રાજાશાહી જેરામસર તળાવ પણ વરસાદી નીર થી ભરાઈ ગયો હતો.ભારે વરસાદને કારણે પાણીના પ્રવાહમાં તણાયેલો કચરાએ ભારે હાલાકી સર્જી હતી. આ તરફ અનેક માર્ગો બિસ્માર પણ બન્યા છે તો ગ્રામ્ય વિસ્તારમાં કાંડાગરા,ધબ્ર સહિતના ગામોમાં ભારે વરસાદ બાદ પાણી ભરાયા હતા જે ઓસર્યા હતા પંરતુ તેની કારણે લોકોને ભારે નુકશાની સાથે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મુન્દ્રામા જનજીવન વરસાદ થંભતા સામાન્ય બન્યુ હતુ પરંતુ તે ફરી ધમધમતુ કરવાનો પડકાર તંત્ર-પાલિકા પાસે રહેશે મુન્દ્રા આસપાસના અનેક ગામોના રસ્તાનુ ધોવાણ થયુ હતુ તો બીજી તરફ ભારે વરસાદથી અનેક ખેતરોમા પણ પાણી ભરાઇ ગયા હતા

# લખપતપમાં પણ ભારે ઉચાટ હતો

**લખપતમા પણ કેટલાક વિસ્તારમાં ભારે નુકશાન ગયુ હતુ ક્યાક રસ્તા બંધ થયા તો ક્યાક દરિયામા કરંટથી લોકોમાં ભય દેખાયો હતો તે વચ્ચે લોકોનુ સ્થળાંતર હવે રસ્તા પુન શરૂ કરવા સાથેની વ્યવસ્થા માટેની આશ**



લખપત, તા.૩૦

વાવાઝોડાની શક્યતાને લઈને તાલુકાના કાંઠાળ વિસ્તારોમાં રહેતા ૯૯૩ લોકોને સલામત જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા તાલુકામાં દિવસભર ઝરમર વરસાદ તેમજ પવન વચ્ચે વીજ પુરવઠો બંધ હોવાથી તેમજ મોબાઈલ નેટવર્ક બંધ થવાથી લોકો મુશ્કેલીમાં, મુકાયા હતા શુક્રવારે સવારે નારાયણ સરોવરમાં ભારે કરંટ દેખાયો હતો તાલુકા મથક દયાપરમાં મોડી સાંજે વીજ પુરવઠો ચાલુ તેમજ મોબાઈલ નેટવર્ક શરૂ થતા લોકો દ્વારા એકબીજાના ખબર અંતર પૂછવા ફોન કર્યા હતા તંત્ર દ્વારા લોકોને સચેત કરવામાં આવ્યા હતા ગુરુવારે મોડે રાત્રેથી જ એલર્ટ બનેલા વહીવટી તંત્ર દ્વારા લખપત તાલુકાના દરિયાઈ કાંઠાળ વિસ્તારમાં રહેતા લોકોને વહેલી સવારે જ જે તે ગામની પ્રાથમિક શાળા, નારાયણ સરોવર અન્નક્ષેત્ર તેમજ લખપત ગુરુદ્વારા ખાતેની સલામત જગ્યા પર ખસેડવામાં આવ્યા હતા તેમજ નોડલ અધિકારી યુવરાજસિંહ ઝાલા, તાલુકા મામલતદાર એસ એ ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી એન,એસ પરમાર, નાયબ મામલતદાર કૈલાશભાઈ ગોસ્વામી, દયાપર પી એસ આઇ કે એ જાડેજા, નારાયણ સરોવર પીએસઆઇ જે. ડી.સરવૈયા સહિતના અધિકારીઓ કર્મચારીઓના સ્ટાફ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને સતર્ક કરી કાચા મકાનોમાં રહેતા લોકોને સલામત સ્થળો પર ખસેડવાની કામગીરી કરવાની સાથે ફૂડ પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યો હતુ દરમ્યાન અનેક માર્ગો તુટી જતા ગામો સંપર્ક વિહોણા બન્યા હતા લખપતમા હવે નુકશાની અંગે સર્વે સાથે ફરી જનજીવન ધબકતુ થાય તેવી અપેક્ષા લોકોએ વ્યક્ત કરી હતી. દયાપર પોલીસ દ્વારા લખપત નજીકના શીણાપર, લખપત, છેર વિસ્તારમાં લોકોને સતર્ક કરી કાચા ભૂગા વાળા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા.હતા તો આ વચ્ચે નારાયણ સરોવર તળાવ વધવામાં આવ્યું હતું.

# ૨ દિવસમાં કચ્છમા પડી ગયા ૮૫ વૃક્ષો !





કચ્છ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી સતત અને ભારે વરસાદ પડી રહ્યો છે આ પરિસ્થિતિમાં વરસાદના લીધે જમીન નરમ થવા ઉપરાંત પવનના ભારે દબાણના લીધે રસ્તાઓ પર વૃક્ષો પડવા અને તેને લીધે રોડ બ્લોકેજની ઘટનાઓ સામે આવી હતી કચ્છમાં છેલ્લા ૨ દિવસોમાં વિવિધ રસ્તાઓ પર કુલ ૮૫ વૃક્ષો પડી જવાની ઘટના બની હતી. જેમા ભુજ-૨૩, ભચાઉ-૩ અંજાર-૩,ગાંધીધામ-૩, મુન્દ્રા-૫, માંડવી-૧૩, નલીયા-૧૦, નખત્રાણા-૭, દયાપર-૧૬ અને રાપરમાં-૨ વૃક્ષો પડી ગયા હતા. જેને લીધે જનજીવન તેમજ વાહન વ્યવહારને ભારે મુશ્કેલીઓ ઊભી થઇ હતી જો કે વનવિભાગે જે.સી. બી., ટ્રેક્ટર, દોરડા, ટ્રી-કટર જેવા સાધનો સાથે ટીમો સજ્જ રાખી હતી જેણે ગણતરીની કલાકોમાં રસ્તાઓ પર અડચણરૂપ વૃક્ષો હટાવવાની કામગીરી કરી હતી અને વાહન વ્યવહારને પૂર્વવત કર્યો હતો ભારે પવન અને વરસાદ વચ્ચે વનવિભાગ સાથે શહેરી વિસ્તારમાં અન્ય વિભાગ સાથે સંકલનમાં રહી વનવિભાગે કાર્યવાહી કરી હતી. વન વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં કુલ ૪૫ ક્વીક એકશન ટીમની રચના કરવામાં આવેલ હતી. જેમાં કચ્છ વિસ્તરણ વન વિભાગ, કચ્છ પૂર્વ વન વિભાગ, કચ્છ પશ્ચિમ વન વિભાગ તેમજ બન્ની ગ્રાસલેન્ડ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓની સંયુક્ત ટીમોની રચના કરવામાં આવી હતી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વન વિભાગની ટીમો ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત) તેમજ નગરાપાલિકા વિસ્તારમાં નગરપાલિકાઓને પણ પડી ગયેલા વૃક્ષોને લીધે રસ્તાઓ બ્લોકેજ થાય તો બ્લોકેજને તાત્કાલિક અસરથી દુર કરીને વાહન વ્યવહારને શક્ય તેટલી ઝડપે પુર્વવત કરવા સફળ પ્રયત્નો કર્યા હતા.

# કચ્છમાં આરોગ્યની ૩૪૫ ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં





સમગ્ર કચ્છમાં વરસાદી વાતાવરણ બાદ હવે પાણીજન્ય રોગચાળાની દહેસત પણ નકારી શકાય નહી તેવામાં આરોગ્ય વિભાગ એક્શનમા આવ્યુ છે. કચ્છ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૩૪૫ ટીમ બનાવી સમગ્ર કચ્છ જીલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી માટે ઉતારી છે. અત્યાર સુધી શેલ્ટરહોમમાં રહેતાં ૪૦૦ લોકોની આરોગ્યની તપાસ સાથે સારવાર કરાઇ હતી જ્યારે અસરગ્રસ્ત વિસ્તારમાં નજીકથી પ્રસુતીની તારીખો વાળી ૨૨૬ સગર્ભાઓની પ્રસુતી આરોગ્ય વિભાગના સહયોગથી કરાઇ જ્યારે ૧૨૯ સગર્ભાને નજીકના સબ સેન્ટર સીફ્ટ કરાયા આ ઉપરાંત દવા છંટકાવ,રોગ અટકાયતી પગલાઓના સંદર્ભમાં દરેક વિસ્તારોમાં સર્વેલન્સ કામગીરી/ પાણીજન્ય અને જંતુજન્ય રોગચાળો ન ફેલાય તે માટે પીવાના પાણીનું સુપર ક્લોરીનેશન તથા ટેબ્લેટ ક્લોરીનનું વિતરણ પણ શરૂ કરાયુ છે. ગ્રામ પંચાયત અને નગરપાલીકા દ્વારા પણ કામગીરી માટે સુચના અપાઇ હતી ભુજ તાલુકાનાં રોહાતડ ગામમાં પાણીજન્ય રોગચાળાની પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે ગામમાં ઓપીડી શરૂ કરવામાં આવી છે. મંગળવારે ૭૩ ઘરનો સર્વે કરાયો હતો. ડોક્ટર અને પેરામેડિકલ આરોગ્ય કર્મચારીઓની ટીમ ઉતારીને હંગામી દવાખાનુ કાર્યરત કરી દેવામાં આવ્યું છે. અઠવાડિયા સુધી ગામમાં ઓપીડી કાર્યરત રહેશે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રવિન્દ્ર ફૂલમાલી અને જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવ કુમાર ગામમાં અસરગ્રત વિસ્તારની મુલાકાત ફરીથી આવી પરિસ્થિતિઓ ન સર્જાય તે બાબતે માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.વાહક-જન્ય રોગચાળો ફેલાતો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જરૂરીયાતવાળા વિસ્તારોમાં દવા છંટકાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## : આજે વર્લ્ડ ડિસ્ટન્સ લર્નિંગ ડે :









ડૉ.મિહિર એમ.વોરા

વર્લ્ડ ડિસ્ટન્સ લર્નિંગ દિવસ ૩૧ ઓગસ્ટ, ના ઉજવાય છે.દુરવંતી શિક્ષણ પ્રણાલી ૧૭૨૮ માં આવી હતી. કાલેબ ફિલિપ્સ બોસ્ટન ગેઝેટમાં લઘુલિપિની નવી પદ્ધતિ પર તેમના ઉપદેશોની જાહેરાત કરી રહ્યા હતા, જેમાં પાઠ સાપ્તાહિક ધોરણે ટપાલ દ્વારા વિતરિત કરવાના હતા.સર આઇઝેક પિટમેને ૧૮૪૦ ના દાયકામાં ઈંગ્લેન્ડમાં આ વિચારને એક પગલું આગળ લીધો. અનર એક નવી શિક્ષણ પદ્ધતિ અસ્તિત્વમાં આવી. વર્લ્ડ ડિસ્ટન્સ લર્નિંગ ડે દર વર્ષે ૩૧ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવે છે. અંતર શિક્ષણના ફાયદાઓ વિશે જાગૃતિ લાવવા અને અંતર શીખનારાઓની સફળતાની ઉજવણી કરવાનો દિવસ છે. ડિસ્ટન્સ લર્નિંગ એ શિક્ષણનું એક સ્વરૂપ છે જે વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે વર્ગોમાં હાજરી આપ્યા વિના,દૂરથી શીખવાની મંજૂરી આપે છે. ઓનલાઈન અભ્યાસક્રમો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો અને વિડિયો કોન્ફરન્સિંગ સહિત અંતર શિક્ષણ કરવાની ઘણી જુદી જુદી રીતો છે. ડિસ્ટન્સ લર્નિંગના ઘણા ફાયદા છે. અહીં કેટલાક સૌથી મહત્વપૂર્ણ છે:લવચીકતાઃ ડિસ્ટન્સ લર્નિંગ ખૂબ જ લવચીક છે. વિદ્યાર્થીઓ પોતાની ગતિએ અને પોતાના સમયમાં અભ્યાસ કરી શકે છે. જ્યાં સુધી તેમની પાસે ઈન્ટરનેટ કનેક્શન હોય ત્યાં સુધી તેઓ વિશ્વમાં ગમે ત્યાંથી અભ્યાસ કરી શકે છે.જો તમે ડિસ્ટન્સ લર્નિંગ વિશે વિચારી રહ્યાં હોવ, તો તમારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. પ્રથમ, ખાતરી કરો કે તમને જે પ્રોગ્રામમાં રુચિ છે તે માન્યતા પ્રાપ્ત છે. બીજું, ખાતરી કરો કે પ્રોગ્રામ તમારી શીખવાની શૈલી માટે યોગ્ય છે. ત્રીજું, સખત મહેનત કરવા માટે તૈયાર રહો.શિક્ષણ મેળવવા માટે ડિસ્ટન્સ લર્નિંગ એ એક સરસ રીત હોઈ શકે છે. તે લવચીક, સસ્તું, અનુકૂળ અને વ્યક્તિગત છે. જો તમે તમારી જરૂરિયાતોને અનુરૂપ શીખવાની રીત શોધી રહ્યા હોવ, તો અંતર શિક્ષણ તમારા માટે યોગ્ય વિકલ્પ હોઈ શકે છે. અને સ્વ-પ્રેરિત બનો.

► **પોષણક્ષમતા** : અંતર શિક્ષણ પરંપરાગત ઓન-કેમ્પસ શિક્ષણ કરતાં વધુ સસ્તું હોઈ શકે છે. ચૂકવવા માટે કોઈ ટ્યુશન ફી નથી, અને વિદ્યાર્થીઓ પરિવહન અને આવાસ ખર્ચ પર નાણાં બચાવી શકે છે. સગવડઃ અંતર શિક્ષણ ખૂબ અનુકૂળ છે. વિદ્યાર્થીઓ તેમના પોતાના ઘરની આરામથી અભ્યાસ કરી શકે છે અને તેમને કેમ્પસમાં આવવા-જવા અંગે ચિંતા કરવાની જરૂર નથી.

► **વ્યક્તિગત શિક્ષણ** : ડિસ્ટન્સ લર્નિંગ વિદ્યાર્થીઓને તેમની પોતાની ગતિએ અને પોતાની રીતે શીખવા દે છે. તેઓ તેમના ટ્યુટર્સ અને ક્લાસના મિત્રો પાસેથી જરૂરી સમર્થન મેળવી શકે છે, પરંતુ તેઓ સ્વતંત્ર રીતે પણ કામ કરી શકે છે.

► **એક્સેસિબિલિટી** : ડિસ્ટન્સ લર્નિંગ દરેકને તેમના સ્થાન અથવા અપંગતાને ધ્યાનમાં લીધા વિના સુલભ છે. આ તે લોકો માટે એક શ્રેષ્ઠ વિકલ્પ બનાવે છે જેઓ પરંપરાગત ઓન-કેમ્પસ શિક્ષણમાં હાજરી આપી શકતા નથી.

► **કામની તકોમાં વધારો** : ડિસ્ટન્સ લર્નિંગ તમને નવી કુશળતા અને જ્ઞાન વિકસાવવામાં મદદ કરી શકે છે જે તમને નોકરીદાતાઓ માટે વધુ માર્કેટેબલ બનાવી શકે છે.સુધારેલ સમય વ્યવસ્થાપન કૌશલ્યોઃ ડિસ્ટન્સ લર્નિંગ માટે તમારે તમારા સમય સાથે વ્યવસ્થિત અને કાર્યક્ષમ હોવું જરૂરી છે. કોઈપણ કારકિર્દીમાં આ એક મૂલ્યવાન કૌશલ્ય હોઈ શકે છે.

► **આત્મવિશ્વાસમાં વધારો** : ડિસ્ટન્સ લર્નિંગ તમને શીખવાની અને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવાની તમારી ક્ષમતામાં તમારો આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરી શકે છે.વિસ્તૃત સામાજિક નેટવર્કઃ ડિસ્ટન્સ લર્નિંગ તમને વિશ્વભરના લોકો સાથે જોડવામાં મદદ કરી શકે છે. આ તમને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય વિકસાવવામાં અને સંપર્કોનું મજબૂત નેટવર્ક બનાવવામાં મદદ કરી શકે છે.

### અંતર શિક્ષણના ઘણા ફાયદા

વિદ્યાર્થીઓ તેઓ કયા વિષયનો અભ્યાસ કરવા માગે છે તે પસંદ કરી શકે છે.કોલેજના વિદ્યાર્થીઓએ હવે તાલીમમાં ભાગ લેવા માટે લાંબા અંતરની મુસાફરી કરવાની જરૂરનથી. વિદ્યાર્થીઓ ઘર છોડ્યા વિના તેમનો અભ્યાસ પૂર્ણ કરી શકે છે. વિદ્યાર્થીઓ પોતાની ગતિએ અભ્યાસ કરી શકે છે. વિદ્યાર્થીઓ જ્યારે પણ આરામદાયક લાગે ત્યારે પરીક્ષા આપી શકે છે. વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ અસાઈનમેન્ટ પર કામ કરી શકે છે. વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછી શકે છે અને એક જ સમયે ઉકેલ મેળવી શકે છે. ભારતમાં ડિસ્ટન્સ એજ્યુકેશનનો એક મોટો ફાયદો એ છે કે, તે વ્યસ્ત સમયપત્રક ધરાવતા વિદ્યાર્થીઓને સુગમતા પ્રદાન કરે છે. બીજો ફાયદો એ છે કે તે માતાપિતા માટે નાણાં બચાવે છે કારણ કે તેમને પરિવહન ખર્ચ માટે ચૂકવણી કરવાની જરૂર નથી. વધુમાં, અંતર શિક્ષણ વિદ્યાર્થીઓને અભ્યાસ કરતી વખતે ધ્યાન કેન્દ્રિત અને પ્રેરિત રહેવામાં મદદ કરે છે. ડિસ્ટન્સ એજ્યુકેશનને કારણે વિદ્યાર્થીઓની શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો, સાથીદારો સાથે વાતચીત અને ઘરમાં વ્યક્તિગત જગ્યાનો અભાવ જોવા મળ્યો. વિદ્યાર્થીઓ તેમના પાઠ અને મફત સમય બંને દરમિયાન તેમના કોમ્પ્યુટર પર લાંબા કલાકો વિતાવતા હતા, જે ઊંઘની વિકૃતિઓ અને અન્ય માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.આ સંશોધનમાં શૈક્ષણિક કામગીરી અને ડિપ્રેશન અને ચિંતાના લક્ષણોની તીવ્રતા સાથેના સંતોષનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. પરિણામો દર્શાવે છે કે વિદ્યાર્થીઓમાં ડિપ્રેસિવ લક્ષણો અને ચિંતાનો વ્યાપ ડિસ્ટન્સ લર્નિંગ દરમિયાન ઊંચો હતો, પૂર્ણ-સમયના શિક્ષણ દરમિયાન મેળવેલ સમાન પરિણામોની તુલનામાં. જાણીતી ઓપન યુનિવર્સિટી માં ઈગ્નોયુ અને બીએઓયુ છે .

# FILMY ગપશપ

**મલયાલમ ઇન્ડસ્ટ્રી જાતીય સતામણી કેસ**

## પાર્વતીએ રાજીનામા પર વાત કરી, જ્યારે જવાબદારીનો સમય આવ્યો ત્યારે ભાગી ગયો...

મુંબઈ, તા.૩૦

મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓની સ્થિતિ પર હેમા કમિટીના રિપોર્ટે બધાને ચોંકાવી દીધા છે. આ અહેવાલ પછી, વધુ અભિનેત્રીઓ તેમની સાથે થયેલી જાતીય સતામણીની ઘટનાઓ શેર કરી રહી છે અને મલયાલમ ઉદ્યોગ સ્કેનર હેઠળ આવી ગયો છે.દરમિયાન, એસોસિયેશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ્સ (એએમએમએ) ના પ્રમુખ, વરિષ્ઠ અભિનેતા મોહનલાલ અને સમગ્ર એસોસિએશને પણ સામૂહિક રીતે રાજીનામું આપ્યું હતું. સાઉથની લોકપ્રિય અભિનેત્રી પાર્વતીએ હવે મોહનલાલ અને એએમએમએના રાજીનામા પર સવાલ ઉઠાવ્યા છે અને આ પગલાને ‘કાયર’ ગણાવ્યું છે.હાલમાં, મલયાલમ સિનેમામાં મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવવામાં વિમેન ઈન સિનેમા કલેક્ટિવ (WCC)ની મોટી ભૂમિકા છે, જેની વિનંતી પર કેરળ સરકારે હેમા સમિતિની રચના કરી હતી. WCCના સ્થાપક સભ્ય પાર્વતીએ હવે કહ્યું છે કે AMMAનું રાજીનામું ‘જવાબદારીથી ભાગવાનો પ્રયાસ’ છે.પત્રકાર બરખા દત્ત સાથે વાત કરતા પાર્વતીએ કહ્યું, ‘જ્યારે મેં આ સામૂહિક રાજીનામાના સમાચાર સાંભળ્યા, ત્યારે મારી પ્રથમ પ્રતિક્રિયા હતી - ‘આ કેટલું કાયર છે’. આ તેમનું એટલું કાયરતાભર્યું કૃત્ય છે કે મીડિયાની સામે જવાબદાર ઠેરવવામાં આવતા સમયે તેઓ પોતાના પદ પરથી હટી ગયા હતા. બચવાનો આ એક ઝડપી રસ્તો છે. જેના કારણે આ મુદ્દાને લઈને ચર્ચાને આગળ વધારવાની સમગ્ર જવાબદારી ફરી મહિલાઓ પર આવી ગઈ છે. રાજ્ય સરકાર અને અન્ય પક્ષો સાથે મળીને આ મુદ્દે કોઈ રસ્તો કાઢવાનો તેમણે ઓછામાં ઓછો કોઈ ઈરાદો દર્શાવ્યો હોત તો તે અદ્ભુત હતું.



પાર્વતીએ ઘણા મહત્વપૂર્ણ પ્રશ્નો ઉઠાવ્યા અને AMMA ના રાજીનામાને લઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેણે કહ્યું, ‘આ એ જ એક્ઝિક્યુટિવ કમિટી છે જેણે ૨૦૧૭ના યૌન શોષણ કેસના મુખ્ય આરોપીને તેમની વચ્ચે આવકાર્યા હતા, જ્યારે કેસ ચાલી રહ્યો હતો. આ એ જ એક્ઝિક્યુટિવ કમિટી છે જેણે દાવો કર્યો હતો કે જ્યાં સુધી તેમની સામે આક્ષેપો ન થાય ત્યાં સુધી આવી કોઈ વસ્તુ (ઉદ્યોગમાં જાતીય સતામણી) અસ્તિત્વમાં નથી. અને સરકાર તરફથી આવા નિવેદનો કરવા માટે તે ખૂબ જ બેજવાબદારીભર્યું હતું - ‘જો મહિલાઓને ફરિયાદ હોય, તો તેઓએ ફક્ત એફઆઈઆર નોંધાવવી જોઈએ અને નામ જણાવવું જોઈએ.

’પાર્વતીએ કહ્યું કે આવા નિવેદનો ફરી મહિલાઓ પર નામો જાહેર કરવા, શરમજનક (આરોપી) અને તે પછી જે થાય તે સહન કરવાની જવાબદારી મૂકે છે.પાર્વતીએ આગળ કહ્યું, ‘મારો હંમેશા પ્રશ્ન રહ્યો છે કે તમે ન્યાયનો એવો કયો પુરાવો આપ્યો છે કે તમે ઈચ્છો છો કે અમે તમને નામ આપીએ અને તમને શરમાવે? આ પછી આપણું શું થશેપ આપણી કારકિર્દી, જીવન, કાનૂની ફી અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું શું થશે? કોઈને આની પરવા નથી. જે સમસ્યાઓ આપણા કારણે ઊભી થઈ નથી તેનો સામનો કરવાની જવાબદારી વારંવાર મહિલાઓ પર શા માટે નાખવામાં આવે છે?તમને જણાવી દઈએ કે, મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ઉથલપાથલ વચ્ચે મોહનલાલે એસોસિયેશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ ના પ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમના રાજીનામાએ બધાને ચોંકાવી દીધા હતા.

## કન્નડ સ્ટાર દર્શન બીજી જેલમાં ટ્રાન્સફર



મુંબઈ, તા.૩૦

કન્નડ સ્ટાર દર્શન થૂગુદીપાના કિસ્સાએ સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. હાલમાં જ જેલની અંદરની કેટલીક તસવીરો વાયરલ થઈ હતી, જેમાં હત્યાનો આરોપી દર્શન જેલની અંદર VVIP ટ્રીટમેન્ટ લેતો જોવા મળ્યો હતો. દર્શન એકદમ હળવા મૂડમાં ખુરશી પર બેઠો હતો અને સિગારેટ અને કોફીનો મગ પકડી રહ્યો હતો. આ સાથે એક અસ્પષ્ટ વીડિયો પણ વાયરલ થયો હતો જેમાં દર્શન જેલની અંદર વીડિયો કોલ પર કોઈની સાથે વાત કરતો જોવા મળ્યો હતો. આ મામલે કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરાએ કહ્યું હતું કે, સરકાર દર્શનને જેલમાંથી શિફ્ટ કરવાનો નિર્ણય લઈ શકે નહીં. આ અંગે જેલ સત્તાવાળાઓ કોર્ટ અને અન્ય સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને નિર્ણય લેશે.



અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર ‘કશિશ’ નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે.આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે.



બોલ્ડ અભિનેત્રી મોનાલિસાએ સોશિયલ મીડિયા પર એવા ફોટા શેર કર્યા છે જે લોકોના હોશ ઉડી રહ્યા છે. આ તસવીરોમાં મોનાલિસા મોનોકિની પહેરીને એવી રીતે પોઝ આપી રહી છે કે જોનારા પણ દંગ રહી જાય. ખાસ વાત એ છે કે દરેક ફોટોમાં મોનાલિસાનો લુક જોવા જેવો છે.

## મિર્ઝાપુર સીઝન ૩ બોનસ એપિસોડ મુન્ના ભૈયા આવી ગયા

મુંબઈ, તા.૩૦

‘મિર્ઝાપુર’ના નિર્માતાઓએ તેમની વાત સાંભળી લીધી છે. હવે શોના બોનસ એપિસોડની જાહેરાત કરવામાં આવી છે. તેના પ્રોમોમાં મુન્ના ભૈયા એટલે કે દિવ્યેન્દુ શર્મા જોવા મળે છે.આ પ્રોમોમાં મુન્ના ભૈયા પોતાના ફેન્સ સાથે વાત કરી રહ્યો છે. તે કહે છે, ‘આપણે શું કર્યું? મેં સાંભળ્યું છે કે અમારા વફાદાર ચાહકો અમને ખૂબ મિસ કરે છે. તમે સિઝન ૩ માં કેટલીક વસ્તુઓ ચૂકી ગયા છો. અમે તે શોધી કાઢ્યું છે અને લાવ્યા છીએ. જસ્ટ ફોર યુ સૌજન્ય મુન્ના ત્રિપાઠી. કારણ કે આપણે પહેલા કરીએ છીએ, પછીથી વિચારીએ છીએ. આ સાથે લખ્યું છે કે ‘મિર્ઝાપુર’ સિઝન ૩નો બોનસ એપિસોડ આવવાનો છે. દિવ્યેન્દુ શર્મા ઉર્ફે મુન્ના ભૈયા ‘મિર્ઝાપુર ૩’માં ન હોવા પર ચાહકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

**આમિર ખાને ‘લાલ સિંહ ચટ્ઠા’ની નિષ્ફળતા બાદ એક્ટિંગમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી**

## ‘કુલી’માં કરશે રોલ! : ૩૦ વર્ષ પછી રજનીકાંત સાથે કામ કરશે આમિર ખાન



મુંબઈ, તા.૩૦

બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાને તેની છેલ્લી ફિલ્મ ‘લાલ સિંહ ચઢ્ઢા’ની નિષ્ફળતા બાદ એક્ટિંગમાંથી બ્રેક લેવાની જાહેરાત કરી હતી. પરંતુ ટૂંક સમયમાં તે પોતાના પ્રોડક્શનની ફિલ્મ ‘સિતારે જમીન પર’થી મોટા પડદા પર કમબેક કરવા જઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી, આમિર કેટલાક રસપ્રદ પ્રોજેક્ટ્સ અને નિર્દેશકો સાથે કામ કરી રહ્યો હોવાના અહેવાલો આવી રહ્યા છે અને હવે તેના ચાહકો માટે એક મોટા સમાચાર છે.કમલ હાસનની ‘વિક્રમ‘ અને થાલાપતિ વિજયની ‘લિયો’નું દિગ્દર્શન કરનાર નિર્દેશક લોકેશ કનાગરાજ આ દિવસોમાં તેની આગામી ફિલ્મ ‘કુલી’ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મનો હીરો સુપરસ્ટાર રજનીકાંત છે. અને હવે ચર્ચા છે કે આમિર ખાન પણ ‘કુલી’નો ભાગ બનવા જઈ રહ્યો છે.પિંકવિલાના એક અહેવાલ અનુસાર, લોકેશ કનાગરાજ તાજેતરમાં આમિર ખાનને મળ્યો હતો અને બંને વચ્ચે કેટલાક પ્રોજેક્ટ્સને લઈને ચર્ચા થઈ હતી. એવું કહેવામાં આવ્યું હતું કે આમિર અને લોકેશ સંભવિત પ્રોજેક્ટ પર ચર્ચા કરી રહ્યા છે, જેમાં એક કેમિયો અને એક અલગ ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે, આ સહયોગ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે રજનીકાંતની ફિલ્મ ‘કુલી’માં આમિરનો કેમિયો હોઈ શકે છે.થોડા દિવસો પહેલા એવા સમાચાર હતા કે લોકેશ કનાગરાજે ‘કુલી’ પછી તેના આગામી પ્રોજેક્ટ માટે પ્લાનિંગ શરૂ કરી દીધું છે અને તે આમિર ખાનને કાસ્ટ કરવાનું વિચારી રહ્યો છે. ફિલ્મના વિકાસ પર નજર રાખતા કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે એવું પણ અનુમાન લગાવ્યું છે કે આમિર પહેલા ‘કુલી’માં કેમિયો કરશે અને પછી તેનું પાત્ર એક અલગ ફિલ્મમાં પોતાની વાર્તાનું નેતૃત્વ કરતા જોવા મળશે.આમિર ખાને તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં રજનીકાંત સાથે કામ કર્યું હતું. ૧૯૯૫માં આવેલી ફિલ્મ ‘આતંક હી તારંક’માં આમિર અને રજનીકાંતે ભાઈઓની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મની વાર્તા હોલીવુડની ક્લાસિક ‘ધ ગોડફાધર’થી પ્રેરિત છે. આ ફિલ્મ બહુ ઓછી લોકપ્રિય થઈ હતી અને બહુ ઓછા લોકોને યાદ છે. ‘આતંક હી ટેરર’ આમિરની સૌથી મોટી ફલોપ ફિલ્મોમાંથી એક હતી.ઘણા વર્ષો પહેલા આમિરે ‘તાંક હી તાંક’ વિશે વાત કરતા કહ્યું હતું કે તેણે આ ફિલ્મ કરવી જોઈતી ન હતી. એક પોર્ટલ સાથે વાત કરતાં તેણે કહ્યું હતું કે, ‘આ ફિલ્મ રિલીઝ થયા બાદ હું ચોંકી ગયો હતો. મને લાગ્યું કે આ ફિલ્મ ન કરવી જોઈતી હતી. ફિલ્મ જોતાની સાથે જ મને સમજાયું કે મેં બહુ ખરાબ કામ કર્યું છે. મારી કારકિર્દીની શરૂઆતમાં મેં કેટલીક ખરાબ ભૂમિકાઓ પસંદ કરી હતી.આમિર અને રજનીકાંતનો પહેલો સહયોગ લોકો માટે યાદગાર નહોતો. પરંતુ દિગ્દર્શક લોકેશ કનાગરાજની પ્રતિષ્ઠા સાથે જો તે આ બંને સુપરસ્ટારને મોટા પડદા પર એકસાથે લાવશે તો ચોક્કસપણે ચાહકો માટે ઘણી મજા આવશે.



અંકિતાના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે. અંકિતા દવે આ દિવસોમાં પોતાની તસવીરોને કારણે ચર્ચામાં છે. અંકિતા દવે દરરોજ તેની બોલ્ડ તસવીરોથી તેના ફેન્સને ચોંકાવતી રહે છે.



ફિલ્મ ‘કિસી કા ભાઈ કિસી કી જાન’થી બોલિવૂડમાં ડેબ્યૂ કરનાર અભિનેત્રી પલક તિવારી તાજેતરમાં જ ગોવા વેકેશનની કેટલીક તસવીરો સામે આવી છે. તસવીરોમાં અભિનેત્રી ખૂબ જ રિવીલિંગ લુકમાં જોવા મળી હતી.

## પિતાના હાથે થયું શોષણ : વર્ષો સુધી ચૂપ રહી અભિનેત્રી, કહ્યું- મારે તે વ્યક્તિને મળવું છે

મુંબઈ, તા.૩૦

જસ્ટિસ હેમા કમિટીના રિપોર્ટ સામે આવ્યા બાદ મલયાલમ ઈન્ડસ્ટ્રીમાં ખળભળાટ મચી ગયો છે. આ રિપોર્ટ બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ઘણી અભિનેત્રીઓ અને અન્ય મહિલાઓએ તેમના પર થયેલા શારીરિક, જાતીય અને માનસિક શોષણ વિશે વાત કરી છે. ઘણા પુરૂષ કલાકારો પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. હવે અભિનેત્રીમાંથી રાજકારણી બનેલી ખુશ્બુ સુંદરે આ વિશે વાત કરી છે.ખુશ્બુ સુંદરે X પર એક લાંબી પોસ્ટ લખી છે. તેણે લખ્યું, ‘તમે આજે બોલો કે કાલે બોલો તેનાથી કોઈ ફરક પડતો નથી, બસ તમારો અવાજ ઉઠાવો. તમારો અવાજ ઊંચો કરવાથી તમને આ બાબતો પર કાબુ મેળવવામાં મદદ મળશે અને તેની વધુ સારી રીતે તપાસ પણ થશે. ખુશ્બૂ સુંદરે પોતાની પોસ્ટમાં લોકોને વિનંતી કરી કે તેઓ પીડિતો પર દોષ ન મૂકે અને તેમને શરમાવે નહીં. તેમ જ તેમને પ્રશ્નો પૂછો કે ‘તમે આ કેમ કર્યું?’, ‘તમને આની કેમ જરૂર પડી?’ આવા પ્રશ્નો પૂછવાથી પીડિત વધુ તૂટી જાય છે. તેણે કહ્યું કે જો પીડિત તમારા માટે અજાણી વ્યક્તિ હોય તો પણ તેને તમારા સપોર્ટની જરૂર છે.

# SPORTS કોર્નર

## વિદેશ રમવા ગયેલા પાકિસ્તાનના ત્રણ ખેલાડીઓ પરત ન ફર્યા

નવી દિલ્હી, તા.૩૦

ત્રણ પાકિસ્તાની હોકી ખેલાડીઓ અને એક ફિઝિયો થેરાપિસ્ટ પર પાકિસ્તાન હોકી ફેડરેશનની જાણ વિના યુરોપના દેશમાં ભાગી જવાનો પ્રયાસ કરવા બદલ આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વાસ્તવમાં, તેનું કારણ પાકિસ્તાની હોકીની આર્થિક સ્થિતિ પણ છે, જેના કારણે ખેલાડીઓને ભથ્થાં મળવામાં વિલંબ થયો હતો.ઁઁહ્લના જનરલ સેક્રેટરી રાણા મુજાહિદે ગુરુવારે પુષ્ટિ કરી હતી કે મુર્તઝા યાકુબ, ઈહતેશામ અસલમ અને અબ્દુર રહેમાન ફિઝિયોથેરાપિસ્ટ વકાસ સાથે ગયા મહિને નેશન્સ કપ માટે નેધરલેન્ડ અને પોલેન્ડ ગયા હતા. ભૂતપૂર્વ ઓલિમ્પિયને સ્વીકાર્યું કે PHFની નાણાકીય સ્થિતિ ઘણી પડકારજનક હતી. ખેલાડીઓને તેમના મુસાફરી ભથ્થાં અને દૈનિક નિર્વાહની ચૂકવણીમાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ આ રાષ્ટ્રીય ટીમ છોડવાનું અને



દેશની બદનામીનું કારણ હોઈ શકે નહીં. મુજાહિદે કહ્યું, ‘જ્યારે ટીમ ઘરે પરત ફરી અને અમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી માટે પ્રશિક્ષણ શિબિરની જાહેરાત કરી, ત્યારે ત્રણેયએ અમને કહ્યું કે તેઓ ઘરેલુ સમસ્યાઓના કારણે કેમ્પમાં ભાગ લઈ શકશે નહીં. મુજાહિદે કહ્યું, ‘અમને ખબર પડી કે તે ટીમને જારી કરાયેલા શેંગેન વિઝા પર ફરી એકવાર હોલેન્ડ (નેધરલેન્ડ) ગયો હતો અને ત્યાં તેણે રાજકીય આશ્રય માંગ્યો હતો.’મુજાહિદે કહ્યું કે પાકિસ્તાન હોકી માટે આ એક ‘નિરાશાજનક’ મામલો છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે યુરોપિયન દેશોના વિઝા માટે અરજી કરવી મુશ્કેલ બનશે. તેણે કહ્યું કે PHFએ આજીવન પ્રતિબંધને મંજૂરી આપી દીધી છે. PHF પ્રમુખને પાકિસ્તાન કોન્સ્યુલેટ દ્વારા તેમને શિસ્તભંગની કાર્યવાહી માટે પરત લાવવાના પ્રયાસો કરવા કહેવામાં આવ્યું છે. મુજાહિદે કહ્યું- અમે પહેલાથી જ ગૃહ અને વિદેશ મંત્રાલયને આગળની કાર્યવાહી માટે જાણ કરી દીધી છે.

## ટી ૨૦ વર્લ્ડ કપમાં રોહિત અને હાર્દિક વચ્ચે કોઈ વાતચીત થઈ ન હતી

મુંબઇ,તા.૩૦

ટીમ ઈન્ડિયાએ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યો હતો પરંતુ હવે આ ઐતિહાસિક જીત બાદ એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ટી ૨૦ વર્લ્ડ કપ દરમિયાન પણ રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા વચ્ચે કોઈ વાતચીત થઈ ન હતી, પરંતુ પછી રાતોરાત કંઈક એવું થયું જેણે બધાને ચોંકાવી દીધા. પ્રખ્યાત સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ વિમલ કુમારે પોડકાસ્ટમાં દાવો કર્યો છે કે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના પહેલા દિવસે આયોજિત નેટ સેશનમાં રોહિત અને વિરાટ એકબીજા સાથે વાત કરી રહ્યા ન હતા. તેણે દાવો કર્યો હતો કે પહેલા દિવસે બંને ક્યાંય જોવા મળ્યા નહોતા પરંતુ પછી બીજા દિવસે બધું બદલાઈ ગયું.

વિમલ કુમારે દાવો કર્યો હતો કે રોહિત-હાર્દિક બીજા દિવસે સાથે જોવા મળ્યા હતા. બંને એક ખૂણામાં સાથે બેઠા હતા અને હાર્દિક અને રોહિત વચ્ચે લાંબા સમય સુધી વાતચીત ચાલી હતી. રોહિત અને હાર્દિક વચ્ચે જે રીતે વાતચીત ચાલી રહી હતી તે આ ટીમના વાતાવરણનું સ્પષ્ટ વર્ણન



કરી રહ્યું હતું. ત્યારપછી હાર્દિક અને રોહિતે આગામી ત્રણ દિવસ સાથે બેટિંગ અને બોલિંગની પ્રેક્ટિસ કરી હતી. વાતાવરણ એટલું સરસ બની ગયું કે બંને એકબીજાની મજાક પણ કરવા લાગ્યા. વિમલ કુમાર ટીમ ઈન્ડિયાના સારા વાતાવરણનો સંપૂર્ણ શ્રેય રાહુલ દ્રવિડને આપે છે.આઈપીએલ ૨૦૨૪ દરમિયાન હાર્દિક અને રોહિત શર્મા વચ્ચેની વાતચીત બંધ થવાનો સમયગાળો શરૂ થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સે રોહિત શર્માને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવ્યો હતો.

પત્રકાર વિમલ કુમારે જણાવ્યું કે ટી ૨૦ વર્લ્ડ કપ દરમિયાન રાહુલ દ્રવિડે આખી ટીમને એકજૂથ રાખી હતી. તેણે વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, રોહિત શર્મા જેવા ખેલાડીઓને જાળવી રાખ્યા હતા.

## ટેસ્ટ રેંક્િંગમાં કોહલી-યશસ્વીને ફાયદો, રોહિત એક સ્થાન સરકી ગયો

મુંબઇ,તા.૩૦

ભારતના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલને આઈસીસીની ચાલી રહેલી ટેસ્ટ રેંક્િંગમાં ફાયદો થયો છે. જોકે, કેપ્ટન રોહિત શર્માને એક સ્થાનનું નુકસાન થયું છે. બેટ્સમેનોની રેંક્િંગમાં કોહલી બે સ્થાન આગળ વધીને આઠમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે યશસ્વી પણ ટોપ ૧૦માં છે. યશસ્વી એક સ્થાનના ફાયદા સાથે સાતમા સ્થાને પહોંચી ગઈ છે. રોહિત છઠ્ઠા સ્થાને સરકી ગયો છે.

માન્ચેસ્ટરમાં શ્રીલંકા સામે સારા પ્રદર્શન બાદ ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટ ટેસ્ટ બેટિંગ રેંક્િંગમાં ટોચ પર યથાવત છે. ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ૫૬ અને ૩૨ રનની ઈનિંગ્સ રમનાર ઈંગ્લેન્ડનો હેરી બ્રુક ત્રણ સ્થાન આગળ વધીને ચોથા સ્થાને પહોંચી ગયો છે. તેણે પાકિસ્તાનના બાબર આઝમ, ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને રોહિતને પાછળ છોડી દીધા છે. બાબરે છ સ્થાન ગુમાવ્યા છે અને તે સંયુક્ત ત્રીજા સ્થાનેથી નવમા સ્થાને સરકી ગયો છે.



રાવલપિંડીમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં તે નિષ્ફળ ગયો હતો. પાકિસ્તાનનો મોહમ્મદ રિઝવાન પ્રથમ ટેસ્ટમાં તેની સદીના કારણે સાત સ્થાન આગળ વધીને સંયુક્ત ૧૦મા સ્થાને પહોંચી ગયો છે, જે તેની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેંક્િંગ છે. બાંગ્લાદેશનો મુશફિકુર રહીમ પણ સાત સ્થાનના ફાયદા સાથે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૧૭મા રેંક્િંગ પર છે.

બોલરોની રેંક્િંગમાં ભારતના અનુભવી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન ટોચ પર છે. ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ અને ડાબોડી સ્પિનર રવિન્દ્ર જાડેજા અનુક્રમે ત્રીજા અને સાતમા સ્થાને યથાવત છે. ઈંગ્લેન્ડનો ફાસ્ટ બોલર ક્રિસ વોક્સ ચાર સ્થાનના ફાયદા સાથે ૧૬માં સ્થાને અને શ્રીલંકાની ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો ૧૦ સ્થાનના ફાયદા સાથે ૧૭માં સ્થાને પહોંચી ગઈ છે.

પાકિસ્તાનના ફાસ્ટ બોલર નસીમ શાહ ચાર સ્થાનના ફાયદા સાથે ૩૩મા સ્થાને અને ઈંગ્લેન્ડના ગુસ એટકિન્સન ચાર સ્થાનનો ફાયદો ઉઠાવીને ૪૨મા સ્થાને પહોંચી ગયો છે અને તેણે પોતાની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેંક્િંગ હાંસલ કરી છે. ઓલરાઉન્ડરોની યાદીમાં જાડેજા અને અશ્વિન ટોચના બે સ્થાન પર છે, જ્યારે અક્ષર પટેલ છઠ્ઠા સ્થાને છે.

# પાકિસ્તાન સાથે વાતચીતનો સમય હવે પૂરો થયો: એસ જયશંકર



નવીદિલ્હી,તા.૩૦

પાકિસ્તાન આગામી ૧૫ અને ૧૬ ઓક્ટોબરે એસસીઓ કોન્ફરન્સ યોજવા જઈ રહ્યું છે. પાકિસ્તાન સરકારે ઈસ્લામાબાદમાં યોજાનારી આ કોન્ફરન્સમાં હાજરી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મોકલ્યું છે, પરંતુ બીજી તરફ વિદેશ મંત્રી એસ. આજે જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધુ છે. એસ. જયશંકરે કહ્યું કે પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. રાજધાની દિલ્હીમાં એક પુસ્તક વિમોચન સમારોહ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે આ નિવેદન આપ્યું છે. આ દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકરે એમ પણ કહ્યું કે દરેક વસ્તુનો એક સમય હોય છે, દરેક કામ વહેલા-મોડા તેના અંત સુધી પહોંચે છે. જ્યાં સુધી જમ્મુ અને કાશ્મીરની વાત છે, ત્યાં હવે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી છે. તેનો અર્થ એ કે મુદ્દો જાતે જ હવે સમાપ્ત થઈ ગયો છે. તેમણે કહ્યું કે હવે આપણે શા માટે પાકિસ્તાન સાથે કોઈ સંબંધ પર વિચાર કરીએ.

આ દરમિયાન જ્યારે વિદેશ મંત્રીને પૂછવામાં આવ્યું કે, પાકિસ્તાન સાથે ભારત કેવા સંબંધો પર વિચાર કરી શકે છે? આ પ્રશ્નનો જવાબ આપતાં એસ. જયશંકરે કહ્યું- હું જે કહેવા માંગુ છું તે સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે અમે નિષ્ક્રિય નથી. પાકિસ્તાન સાથેની ઘટનાઓ સકારાત્મક હોય કે નકારાત્મક દિશા, અમે કોઈપણ પરિસ્થિતિમાં જવાબ આપવા માટે તૈયાર છીએ. પાકિસ્તાને યોગ્ય વલણ બતાવવું પડશે.

આ પહેલા પણ વિદેશ મંત્રીએ મંત્રણાના મુદ્દે મે મહિનામાં સીઆઈઆઈની બેઠકમાં કહ્યું હતું કે, પહેલા પાકિસ્તાને સીમા પારના આતંકવાદને સમર્થન આપવાનું બંધ કરવું પડશે. સ્વાભાવિક રીતે જ ભારત-પાકિસ્તાન સંબંધો અંગે એસ. જયશંકરનું વલણ સ્પષ્ટ છે. તેમણે વારંવાર એ વાત પર ભાર મૂક્યો છે કે આતંકવાદ સામે ભારતની નીતિ ઝીરો ટોલરન્સની રહી છે. તેમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાને પહેલા પોતાની છબી સુધારવી જોઈએ. પ્રથમ તેઓએ આ બાબતે તેમનું મન બનાવવું પડશે. બાંગ્લાદેશ અંગે વિદેશ મંત્રી ડૉ.એસ. જયશંકરે કહ્યું કે, અમે ત્યાંની તત્કાલીન સરકાર સાથે વ્યવહાર કરવા સક્ષમ છીએ. જો કે, તેમણે એમ પણ કહ્યું કે આપણે સ્વીકારવું પડશે કે ત્યાં હવે સત્તા પરિવર્તન થયું છે. સંભવ છે કે તેઓ વિક્ષેપકારક હોઈ શકે.

# અંતે આરોગ્ય તંત્ર જાગ્યુ.... રોહાતળ કોલેરાભયગ્રસ્ત જાહેર !





**રોહાતળ ગામે તા.૨૪ થી ૨૭ સુધીમાં ચાર બાળકોના મોત થયાનો મામલો સામે આવ્યા બાદ આ બાબતે સ્થાનિક લોકો દ્વારા તંત્રને અનેક રજૂઆતો કરાઇ હતી જે મામલે હવે તંત્ર ગંભીર થયુ છે.અને મોટી રોહાતળ તથા ૧૦ કિ.મી. ત્રિજિયામાં આવતા ગામો કોલેરાભયગ્રસ્ત જાહેર**

ભુજ તા.૩૦

ખાવડાના રોહાતળ વિસ્તારમાં ચાર બાળકોના મોત તથા સ્થાનીક આગેવાન અને ગ્રામજનો દ્વારા પાણીજન્ય રોગચાળા અંગે દહેસત વ્યકત કરાયા બાદ તંત્રએ આ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કર્યુ છે. આ વિસ્તારના જિલ્લા પંચાયતના સદસ્ય રસીદ સમા દ્વારા ૨૬ તારીખથી સતત જિલ્લા વહીવટી તંત્રનો કાન આમડતા છેક ૨૭ તારીખે ચાર બાળકોના મોત બાદ સર્વેના નામે ડીંડક ઉભું કરી ક્લોરીનનો ઉપયોગ કરવાનું ચાલુ કર્યું છે, બાળકો ક્યા કારણે મોતને ભેટ્યા તે બાબતે તંત્ર મૌન સેવી લીધું છે.તેવા આક્ષેપો કરાયા હતા. જિલ્લા આરસીએચઓ અધિકારી દ્વારા રોહાતાળ ગામ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી પરંતુ તેઓ પણ આ બાબતે મગનું નામ મરી પાડવા તૈયાર નથી, તેમની સાથે આવેલ ટીમો દ્વારા સર્વે કરી જવાબદારી નિભાવ્યાનો સંતોષ માની લિધો હોય તેમ વર્તી રહ્યા છે, સરપંચ જુમા અલીમામદ સમા તેમજ જિલ્લા પંચાયતના સદસ્ય સતત ગામ લોકો સાથે સંકલન કરીને બાળકોને મોતના મુખમાં બચાવવા માટેના પ્રયાસો કરી રહ્યા છે અને આરોગ્ય તંત્ર કુંભ નિંદ્રામાં પોઢી રહ્યું છે, એવો આક્ષેપ કર્યો હતો"આ પાણીજન્ય રોગ છે તેવા ઉડાઉ જવાબ સામે સ્થાનીકોમાં રોષ હતો જો કે આવા ગંભીર આક્ષેપો વચ્ચે કચ્છમાં માંડવી બાદ રોહાતળને કોલેરા ગ્રસ્ત જાહેર કરાયુ છે. છે. મુખ્ય જિલ્લા આરોગ્ય, અધિકારી, જિલ્લા પંચાયત કચ્છ દ્વારા તા.૨૯/૮/૨૦૨૪ થી તા.૨૮/૦૯/૨૦૨૪ના મોટી રોહાતળ તથા મોટી રોહાતળ ગામથી ૧૦ કિ.મી. ત્રિજિયામાં આવતા ગામોને કોલેરાગ્રસ્ત જાહેર કરવા ભલામણ કરાઇ હતી જે બાદ એપીડમીક ડીઝીઝ એકટ-૧૮૯૭ અન્વયે કચ્છ-ભુજ જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરાએ મોટી રોહાતળ વિસ્તારને કોલેરા ગ્રસ્ત તથા મોટી રોહાતળ ગામથી ૧૦ કિ.મી. ત્રિજિયામાં આવતા ગામો (નાની રોહાતળ, નાના પૈયા, મોટા પૈયા, રતડીયા, ખાવડા, ક્રિષ્નનગર, આશાસ્પર, મેઘપર, ક્રુકર, સીમરીવાંઢ) મુજબના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કર્યા છે. આ વિસ્તાર પુરતા કોલેરા નિયંત્રણ માટે જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.જો કે ચાર બાળકોના શંકાસ્પદ મોત બાદ થયેલી આ કાર્યવાહી બાદ પણ લોકોમાં ક્યાક રોષ જોવા મળી રહ્યો છે.

# રાહુલ ગાંધીની ભારત જોડો મુલાકાત પર માયાવતી ગુસ્સે થયા





નવીદિલ્હી,તા.૩૦

બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી પર જોરદાર પ્રહારો કર્યા છે. વાસ્તવમાં, રાહુલ ગાંધીએ ગુરુવારે જાહેરાત કરી છે કે તેઓ ટૂંક સમયમાં 'ભારત જોડો યાત્રા' શરૂ કરવા જઈ રહ્યા છે. રાહુલ ગાંધીની મુલાકાત પર પ્રહાર કરતા માયાવતીએ શુક્રવારે કહ્યું છે કે ગરીબીથી પીડિત લોકો સાથે મજાક છે અને રમતનું રાજનીતિકરણ નુકસાનકારક છે.

બસપાના વડા માયાવતીએ કહ્યું-રાતના સમયે બેકબ્રેકિંગ રીતે કામ કરવાની ફરજ પડી. શું 'ભારત જોડો યાત્રા' તેમની મજાક નથી? માયાવતીએ કહ્યું કે કોંગ્રેસ અને તેના ભારતીય ગઠબંધનએ અનામતના નામે એસસી એસટી અને ઓબીસીના મત લઈને અને બંધારણને બચાવવા પોતાની તાકાત વધારી, પરંતુ જ્યારે તેનો સમય પૂરો થઈ ગયો છે ત્યારે તે પોતાની ભૂખ અને તડપને કેમ ભૂલીને આ ક્રૂરતા અપનાવે. તેમના પ્રત્યેનું વલણ યોગ્ય છે? રમતગમતનું રાજનીતિકરણ હવે નુકસાનકારક નથી.

માયાવતીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો દેશના કરોડો ગરીબ અને શ્રમજીવી લોકોને યોગ્ય અને સન્માનજનક આજીવિકા આપવામાં તેમની નિષ્ફળતા ઢાંકવા માટે ખાલી પેટે ભજન કરાવવા માંગે છે, પરંતુ વિપક્ષ કોંગ્રેસ પણ આવું જ કરવા માંગે છે. પ્રજા વિરોધી વલણ સ્વીકારે તે કેવી રીતે શક્ય છે?

વાસ્તવમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમનો એક વીડિયો શેર કર્યો હતો વીડિયોમાં તે ઘણા બાળકો સાથે માર્શલ આર્ટની ઝીણવટભરી વાતો શેર કરતો જોવા મળે છે. રાહુલ ગાંધીએ આ વીડિયો સાથે લખ્યું છે કે ભારત જોડો યાત્રા ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે.

# લોકસભા ચૂંટણી લડવા માટે કયા નેતાઓને કેટલી રકમ મળી?

પશ્ચિમ બંગાળ, તા.૩૦

પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં જંગી નાણાં ખર્ચ્યા છે. માત્ર TMC જ નહીં, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ અને AIMIM એ પણ ઉમેદવારો પર ભરપૂર ખર્ચ કર્યા છે.૭ જૂને ચૂંટણી પંચને સબમિટ કરવામાં આવેલી ટીએમસીના ખર્ચની વિગતો અનુસાર, પાર્ટીએ ચૂંટણી લડવા માટે ૩.૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પાર્ટીએ ચૂંટણી લડવા માટે અભિષેક બેનર્જી, મહુઆ મોઈત્રા અને શત્રુઘ્ન સિંહા સહિત ૪૮ ઉમેદવારોને ૭૫-૭૫ લાખ રૂપિયા આપ્યા હતા.ટીએમસીએ પશ્ચિમ બંગાળમાંથી મોટાભાગના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. પાર્ટીના કેટલાક ઉમેદવારો આસામ અને મેઘાલયમાંથી ચૂંટણી લડ્યા હતા. તમને જણાવી દઈએ કે ટીએમસીએ બંગાળની તમામ ૪૨ લોકસભા સીટો પર ચૂંટણી લડી હતી જ્યારે તેણે ૨૯ સીટો જીતી હતી.લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પોતાના ત્રણ ઉમેદવારોની ચૂંટણી પાછળ ૬૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો હતો. આમ આદમી પાર્ટીના આ ઉમેદવારો માંથી બે દિલ્હીથી જ્યારે એક ઉમેદવાર ગુજરાતમાંથી ચૂંટણી લડ્યા હતા. પાર્ટીએ ગુજરાતના ભરૂચમાંથી ચૂંટણી લડવા માટે ચૈતરભાઈ વસાવાને રૂ. ૬૦ લાખમાંથી લગભગ અડધો ભાગ આપ્યો હતો.ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ-ઉલ-મુસ્લિમીન (AIMIM) એ ચૂંટણી લડવા માટે પાર્ટી પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીને બે હપ્તામાં કુલ રૂ. ૫૨ લાખ આપ્યા હતા. ચૂંટણી પ્રચાર પર ઉમેદવારના ખર્ચની મર્યાદા હોવા છતાં, રાજકીય પક્ષો માટે આવી કોઈ મર્યાદા નથી.કોંગ્રેસે ચૂંટણી પંચને કહ્યું છે કે તેણે વાયનાડ અને રાયબરેલીથી ચૂંટણી લડવા માટે રાહુલ ગાંધીને ૭૦-૭૦ લાખ રૂપિયા આપ્યા છે. તમને જણાવી દઈએ કે રાહુલ ગાંધી બંને સીટો પરથી જીત્યા હતા. જો કે, આખરે તેમણે રાયબરેલી બેઠક જાળવી રાખીને વાયનાડ બેઠક છોડી દીધી. પાર્ટીએ સંસદીય ચૂંટણીમાં ૯૯ બેઠકો જીતી હતી, જેમાંથી રાહુલે બે બેઠકો જીતી હતી.જાન્યુઆરી ૨૦૨૨ માં, ચૂંટણી પંચના સૂચનોના આધારે, સરકારે ઉમેદવારો માટેનો ચૂંટણી ખર્ચ રૂ. ૭૫ લાખથી વધારીને રૂ. ૯૫ લાખ કર્યો હતો, જ્યારે વિધાનસભાની ચૂંટણી લડવા માટેનો ખર્ચ રૂ. ૨૮ લાખથી વધીને રૂ. ૪૦ લાખ થયો હતો.લોકસભાની ચૂંટણી માટે ખર્ચવામાં આવતી રકમ હવે મોટા રાજ્યોમાં વધારીને ૯૦ લાખ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે નાના રાજ્યોમાં તે ૭૫ લાખ રૂપિયા છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાઈ હતી.

# ઝારખંડમાં પહેલીવાર ટ્રાન્સજેન્ડરને સરકારી નોકરી આપવામાં આવી



રાંચી,તા.૩૦

ઝારખંડમાં ટ્રાન્સજેન્ડર સમુદાય માટે યાદગાર બની રહેશે. આ દિવસ ખૂબ જ ખાસ હતો કારણ કે ઝારખંડ રાજ્યમાં પહેલીવાર ટ્રાન્સજેન્ડરને સરકારી નોકરી આપવામાં આવી છે, જોકે પાડોશી રાજ્ય બિહાર કે દેશના અન્ય રાજ્યોમાં ટ્રાન્સજેન્ડરને સરકારી નોકરીની તક મળી ચૂકી છે, પરંતુ ઝારખંડમાં આવું પહેલીવાર બન્યું નથી. મુખ્યમંત્રી હેમંત સોરેન ઝારખંડ મંત્રાલયમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન સામુદાયિક આરોગ્ય અધિકારીના પદ પર પુનઃસ્થાપિત કરવા માટે નિમણૂક પત્રોનું વિતરણ કરી રહ્યા હતા તે દરમિયાન, આમિર મહતો નામના ટ્રાન્સજેન્ડરને પણ નિમણૂક પત્ર આપવામાં આવ્યો હતો. ઝારખંડમાં પહેલીવાર ટ્રાન્સજેન્ડરને સરકારી નોકરી મળી છે. ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લાના મનોહરપુરના રહેવાસી આમિર મહતો ઝારખંડના પ્રથમ ટ્રાન્સજેન્ડર છે, જેને સામુદાયિક આરોગ્ય અધિકારીના પદ પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. ટ્રાન્સજેન્ડર આમિર મહતોએ જણાવ્યું કે તેની માતાનું સપનું હતું કે તે નર્સ બને, પરંતુ ઘરના સંજોગોને કારણે તેને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. મુશ્કેલીઓ વચ્ચે તેમણે માતાનું સપનું સાકાર કર્યું અને આજે તેમને સામુદાયિક આરોગ્ય અધિકારીના પદ પર પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી હેમંત સોરેને ઝારખંડ મંત્રાલયમાં ૩૬૫ સામુદાયિક આરોગ્ય અધિકારીઓને નિમણૂક પત્રો આપ્યા.

# ન્યાય અપાવવા માટે છે, બદલો લેવા માટે નહીં: સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી કરતા કહ્યું કે ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ્ય ખોટું કરનારને ન્યાય અપાવવાનો છે, બદલો કે બદલો લેવાનો નથી. જસ્ટિસ જેકે મહેશ્વરી અને જસ્ટિસ સંજય કરોલની ખંડપીઠે વિશ્વાસભંગના ગુનાહિત કેસની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. આ મામલામાં તેલંગાણાના પડાલા વીરભદ્ર રાવ નામના વ્યક્તિએ તેની પુત્રીના પૂર્વ સાસરિયાઓ પર લગ્ન સમયે આપવામાં આવેલ સ્ત્રીધન (પૈસા અને મિલકત) પરત ન કરવાનો આરોપ લગાવ્યો છે.ખંડપીઠે કહ્યું કે આવા કેસોમાં સર્વોચ્ચ અદાલત દ્વારા વિકસિત ન્યાયશાસ્ત્ર સ્ત્રી (પત્ની અથવા ભૂતપૂર્વ પત્ની) ના 'સ્ત્રીધન'ના એકમાત્ર માલિક હોવાના "એકમાત્ર અધિકાર" વિશે સ્પષ્ટ છે. સ્ત્રીધન એ પૈસા અને મિલકત સહિતની ભેટોનો સંદર્ભ આપવા માટે વપરાતો શબ્દ છે જે સ્ત્રીને તેના માતાપિતા, સંબંધીઓ અથવા સાસરિયાઓ તરફથી મળે છે.બેન્ચે કાયદાની સ્થાયી સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો કે સ્ત્રી (પત્ની અથવા ભૂતપૂર્વ પત્ની)ને 'સ્ત્રીધન' પર "એકવચન અધિકાર" અને તેના પર એકમાત્ર અધિકાર છે. રાવ દ્વારા તેમની પુત્રીના ભૂતપૂર્વ સાસરિયાઓ વિરુદ્ધ શરૂ કરાયેલા ફોજદારી કેસ અંગે, બેન્ચે કહ્યું, 'અમે આગળ જોઈ શકીએ છીએ કે ફોજદારી કાર્યવાહીનો ઉદ્દેશ ખોટાને ન્યાય આપવાનો છે, અને તે બદલો લેવો અથવા ન કરવો તે નથી. તેને લેવાનું સાધન છે.રાવે દાવો કર્યો હતો કે ૧૯૯૯માં લગ્ન સમયે તેણે તેને સોનાના દાગીના અને અન્ય વસ્તુઓ આપી હતી અને તે પછી દંપતી અમેરિકા ચાલ્યા ગયા હતા. તેણે દાવો કર્યો હતો કે અમેરિકામાં રહેતી વખતે તેની પુત્રી પર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો, જેના કારણે તેની પત્ની ખૂબ જ વ્યથિત થઈ ગઈ હતી અને આખરે ૬ જૂન, ૨૦૦૮ના રોજ તેનું મૃત્યુ થયું હતું.પોતાની ફરિયાદમાં રાવે જણાવ્યું હતું કે તેમની પુત્રી અને જમાઈએ ૨૦૧૬માં લગ્નના ૧૬ વર્ષ બાદ ૧૪ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ અમેરિકામાં છૂટાછેડા લીધા હતા. ૨૦૨૧માં નોંધાયેલી એફઆઈઆરમાં રાવે આરોપ લગાવ્યો હતો કે તેણે જે ઘરેણાં તેની પુત્રીને ગિફ્ટ કર્યા હતા પરંતુ લગ્ન સમયે તેના સાસરિયાઓને આપ્યા હતા તે પરત કરવામાં આવ્યા નથી.

# ફરી એક વાર બંગાળ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની અટકળો તેજ

નવીદિલ્હી,તા.૩૦

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજીની સરકાર વિરુદ્ધ ભડકેલો જનાક્રોશ શાંત થવાનું નામ નથી લેતો. બીજી બાજુ, ભાજપ અને ટીએમસી તેમ જ રાજ્ય વિરુદ્ધ કેન્દ્રની લડાઈ પણ ઉગ્ર બની છે. રાજ્યપાલ સીવી આનંદ બોસ દિલ્હી પહોંચ્યા છે. ૧૦ દિવસમાં બીજી વાર તેમણે ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી છે. રાજ્યપાલની શાહ સાથેની આ મીટિંગ પછી ફરી એક વાર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની અટકળો તેજ થઈ ગઈ છે.

આ મુલાકાત પણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બળાત્કારને લઈને આપેલા નિવેદન પછી થઈ છે, જેમાં રાજ્યમાં કેન્દ્રીય હસ્તક્ષેપની તૈયારી માનવામાં આવી હતી. અત્યાર સુધી કેન્દ્ર સરકારે આ મુદ્દે કોઈ સ્પષ્ટીકરણ નથી આપ્યું, પણ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવા માટે પીએમ મોદીની મૌન સ્વીકૃતિ માનવામાં આવે છે. ઉપ રાષ્ટ્રપતિએ પણ કહ્યું છે કે જ્યાં મહિલાઓનું સન્માન નથી, એ લોકતંત્ર કલંકિત છે.

રાજ્યપાલ બોસ ગૃહપ્રધાનને મળવા પહોંચ્યા હતા અને તેમણે કોલકાતાના આરજી કર કોલેજમાં ટ્રેની ડોક્ટરથી થયેલા બળાત્કાર અને હત્યા કેસમાં ચાલી રહેલી કાર્યવાહીની માહિતી આપી હતી. આ કેસ પછી રાજ્યમાં બગડેલી સ્થિતિ અને જનતામાં ફેલાયેલા આક્રોશને લઈને પણ રિપોર્ટ આપ્યો હતો.બીજી બાજુ, પશ્ચિમ બંગાળની ઘટનાને લઈને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માગ કરતાં કહ્યું હતું કે રાજ્યમાં એક મહિલા CM હોવા છતાં ત્યાં મહિલાઓ સુરક્ષિત નથી.

# કેરળમાં ૩ દિવસીય સંઘની બેઠક

નવીદિલ્હી,તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય સંયોજક બેઠક ૩૧ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી કેરળના પલક્કડમાં યોજાવાની છે. ત્રણ દિવસીય અખિલ ભારતીય સંયોજક બેઠકમાં સંઘના તમામ સહયોગી સંગઠનોના અધિકારીઓ ભાગ લેશે. ૩૧મીથી શરૂ થનારી બેઠક પૂર્વે નાની-મોટી બેઠકોનો દોર શરૂ થયો છે. નાની સભા જેને સંઘ ટોળી બેઠક કહે છે. તે બેઠકોનો પ્રવાસ આજથી શરૂ થયો છે. જેમાં સંઘ પ્રમુખ સહિત સરકાર્યવાહ અને તમામ ૬ સહ-સરકાર્યવાહ અને કેન્દ્રીય પ્રતિનિધિઓએ ભાગ લીધો છે. સંઘ સાથે જોડાયેલી ૩૨ અલગ-અલગ સંસ્થાઓના નેતાઓ તેમાં ભાગ લેશે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટી, વિશ્વ હિન્દુ પરિષદ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, રાષ્ટ્ર સેવિકા સમિતિ, મજદૂર સંઘ, કિસાન સંઘ, સ્વદેશી જાગરણ મંચના પ્રતિનિધિઓ મુખ્ય રીતે ભાગ લેશે આ બેઠકમાં રાષ્ટ્રીય, સામાજિક અને રાજકીય ધાર્મિક મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

ભાજપ તરફથી પાર્ટીના રાષ્ટ્રીય સંગઠન મહાસચિવ બીએલ સંતોષ, રાષ્ટ્રીય સંયુક્ત સંગઠન મહાસચિવ શિવ પ્રકાશ અને રાષ્ટ્રીય ઓર્ગેનાઈઝરવી સતીશની ભાગીદારી નિશ્ચિત માનવામાં આવે છે. બેઠકમાં વિવિધ સંસ્થાઓના કાર્યકર્તાઓ તેમના કામની માહિતી અને અનુભવની આપ-લે કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠક માં રાષ્ટ્રીય હિતના વિવિધ વિષયોના સંદર્ભમાં વર્તમાન પરિસ્થિતિ, તાજેતરની મહત્વપૂર્ણ ઘટનાઓ અને સામાજિક પરિવર્તનના અન્ય પરિમાણો પરની યોજનાઓ પર ચર્ચા કરવામાં આવશે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલા અને મંદિરોની તોડફોડ પણ આ બેઠકમાં મુખ્ય વિષયો હશે. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને લઈને પણ સર્વસંમતિ સધાશે. થોડા દિવસો પહેલા કેન્દ્રીય રક્ષા મંત્રીના ઘરે આરએસએસ અને બીજેપીના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ આ અંગે સહમત થઈ શક્યા નથી. આ દરમિયાન નક્કી કરવામાં આવ્યું હતું કે કેરળની બેઠકમાં આ વિષય પર ચર્ચા કરીને ભાવિ રાષ્ટ્રીય અધ્યક્ષની પુષ્ટિ કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે આ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે કે કેન્દ્રની સાથે સાથે રાજ્યોમાં પાર્ટી, સરકાર અને સંઘ વચ્ચે વ્યાપક સંકલન હોવું જોઈએ. લોકસભા ચૂંટણીમાં ભાજપના નબળા પ્રદર્શન બાદ હરિયાણા, જમ્મુ-કાશ્મીર, મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભા ચૂંટણીને લઈને ચર્ચા થશે.

॥ શ્રી હરિ ॥

ઈશ્વરીય તેજના પ્રકાશપૂંજનો મહાઅસ્તિત્વમાં વિલય
કચ્છી લેવા પટેલ સમાજના મહાનાયક સ્વધામ સિધાવ્યા

## હૃદયાંજલિ/પ્રાર્થનાસભા



માનવતાના પર્યાય એવા

**સમાજરત્ન હસમુખભાઈ કાનજીભાઈ ભુડિયા(હસુભાઈ)**

મોમ્બાસા-કેન્યા, મૂળ ગામ : ફોટડી -કચ્છ.
સ્વ. તા.૨૯/૮/૨૦૨૪, મોમ્બાસા

આભને થાંભલો આપે એવા મહાન દાતા, દીન દુઃખિયા બેલી,
ગરીબોના આંસુ લૂછનાર, શિક્ષણ આરોગ્યસેવાના સારથિ,
વિકાસ પુરુષ, કચ્છી લેવા પટેલ સમાજના મહાનાયક,
કચ્છની હજારો લાડલી દીકરીઓના પાલક પિતા અસ્તિત્વના પ્રકાશ પૂંજમાં સમાયા છે.
અધૂરાં કાર્યો પૂર્ણ કરવાની પરમ પિતા પરમેશ્વર
માનવતામાં વિશ્વાસ રાખતા સૌને શક્તિ આપે એવી પ્રાર્થના

અંતિમયાત્રા : તા. ૧/૯/૨૦૨૪, રવિવારના સવારે
મોમ્બાસા (કેન્યા) ખાતેના તેમના નિવાસસ્થાનેથી હિન્દુ સ્મશાન ભૂમિ ખાતે.

**ભુજ સમાજમાં પ્રાર્થનાસભા**

તા.૦૨/૦૯/૨૦૨૪, સોમવારે સવારે ૮:૦૦ થી ૯:૩૦ કલાકે
માતૃશ્રી ધનબાઈ પ્રેમજી ગાંગજી કોમ્યુનિટી હોલ
સરદાર પટેલ વિદ્યા સંકુલ, ભુજ મુંદરા રોડ
લેવા પટેલ હોસ્પિટલ પાછળ, મુ.ભુજ

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - ભુજ**

# સમુદ્ર સપાટી વધવાથી મુંબઈનો ૮૩૦ ચોરસ કિમી વિસ્તાર ડૂબી જશે



નવીદિલ્હી,તા.૩૦

તાપમાન વધી રહ્યું છે. આબોહવા બદલાઈ રહી છે. ગ્લેશિયર્સ પીગળી રહ્યા છે. જેના કારણે દરિયાની સપાટી ઝડપથી વધી રહી છે. પણ વધશે. તેનું પરિણામ એ આવશે કે વર્ષ ૨૦૪૦ સુધીમાં મુંબઈનો ૧૩.૧ ટકા વિસ્તાર એટલે કે જમીન સમુદ્રની નીચે આવી જશે. બેંગલુરુ સ્થિત થિંક ટેક્ક સેન્ટર ફોર સ્ટડી ઓફ સાયન્સ, ટેક્નોલોજી એન્ડ પોલિસી દ્વારા આ ખુલાસો કરવામાં આવ્યો છે.

ચેતવણી આપવામાં આવી છે કે જો ઉત્સર્જન રોકવામાં નહીં આવે તો સમુદ્રની સપાટી વધવાને કારણે મુંબઈનો લગભગ ૮૩૦ ચોરસ કિલોમીટર વિસ્તાર ડૂબી જશે. વર્ષ ૨૧૦૦ સુધીમાં ૧,૩૭૭.૧૩ ચોરસ કિમી (૨૧.૮%) પાણીમાં ડૂબી જશે. દરિયાકાંઠાના અન્ય શહેરોમાં પણ આવી જ સ્થિતિ હશે. ચેન્નાઈનો ૮૬.૮ ચોરસ કિમી (૭.૩%) પાણીમાં ડૂબી જશે. સદીના અંત સુધીમાં તે વધીને ૨૧૫.૭૭ ચોરસ કિમી (૧૮%) થશે. યાનમ અને થૂથુકુડીનો લગભગ ૨૦ ટકા વિસ્તાર ડૂબી જશે.

દરિયાનું સ્તર વધવાથી કોચી, મેંગ્લોર, વિશાખાપટ્ટનમ, હલ્દિયા, ઉડુપી, પારાદીપ અને પુરીમાં ૧ થી ૫ ટકા જમીન ગળી જશે. જો કાર્બન ઉત્સર્જન વધશે તો મુંબઈ-ચેન્નઈ કરતાં અન્ય વિસ્તારો વહેલા ડૂબી જશે.સીએસટીઈપીએ દેશના ૧૫ દરિયાકાંઠાના શહેરો અને નગરોમાં દરિયાની સપાટી વધી રહી છે.

તેમાં વિશાખાપટ્ટનમ, પણજી, મેંગ્લોર, ઉડુપી, કોચીન, કોઝીકોડ, તિરુવનંતપુરમ, મુંબઈ, પરાદ્વીપ, પુરી, યાનમ, ચેન્નાઈ, કન્યાકુમારી, તુતીકોરીન અને હલ્દિયાનો સમાવેશ થાય છે. ૧૯૮૭ અને ૨૦૨૧ ની વચ્ચે મુંબઈમાં દરિયાની સપાટીમાં સૌથી વધુ વધારો થયો હતો. લગભગ ૪.૪૪ સેન્ટિમીટર. પાણીના સ્તરમાં હલ્દિયામાં ૨.૭૨૬ સેમી, વિશાખાપટ્ટનમમાં ૨.૩૮૧ સેમી, કોચીમાં ૨.૨૧૩ સેમી, પારાદીપમાં ૦.૭૧૭ સેમી અને ચેન્નાઈમાં ૦.૬૭૯ સેમીનો વધારો થયો છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે સદીના અંત સુધીમાં આ તમામ શહેરોમાં સમુદ્રનું સ્તર વધતું રહેશે. મુંબઈને સૌથી વધુ અસર થશે.

જો વધુ ઉત્સર્જન થશે તો મુંબઈની દરિયાઈ સપાટી ૧૦૧.૪ સેમી વધી જશે. જે ૨૨% મુંબઈને ગળી જશે. ચેન્નાઈમાં પાણીનું સ્તર ૯૪.૭ સેમી વધશે. આનો અર્થ એ થયો કે ૧૮.૨% (૨૧૬ ચોરસ કિમી) થી વધુ વિસ્તાર પાણી હેઠળ હશે. હલ્દિયામાં સમુદ્રનું સ્તર ૯૦.૯ સેમી વધશે. જેના કારણે ૨૭.૮૬ ચોરસ કિમી વિસ્તાર પાણીમાં ડૂબી જશે. સદીના અંત સુધીમાં કોચીમાં સમુદ્રનું સ્તર ૧૦૦ સેન્ટિમીટર વધી શકે છે. જ્યારે કોઝિકોડમાં ૯૯.૯ સેમી, મેંગલોરમાં ૧૦૦.૧ સેમી, તિરુવનંતપુરમમાં ૯૯.૪ સેમી અને વિશાખાપટ્ટનમમાં ૯૧.૩ સેમી. આ પાણી પુરવઠા, કૃષિ, જંગલો અને જૈવવિવિધતાની સાથે આરોગ્ય ક્ષેત્રને અસર કરશે.

આનાથી બેકવોટર અને મેન્ગ્રોવ્સ પર પણ ખતરનાક અસર પડશે. જેની અસર પ્રવાસન પર પડશે. હલ્દિયા, ઉડુપી, પણજી અને યાનમમાં કૃષિ વિસ્તારો, વેટલેન્ડ્સ અને જળાશયો સમુદ્રના સ્તરમાં વધારો થવાનો શિકાર બનશે. સમગ્ર વિશ્વમાં જેમ જેમ તાપમાન વધી રહ્યું છે તેમ તેમ દરિયાની સપાટી પણ વધી રહી છે. આ સમસ્યા વધુ મોટી બની રહી છે.

# વરસાદમા પણ માનવતા મહેકી : સંસ્થાઓએ ભોજન પહોચાડ્યુ

## બિદડામાં જરૂરિયાતમંદ લોકોને ઘરે ઘરે જઈ ફૂડ પેકેટ અપાયા



ભુજ તા.૩૦

૨૮ તારીખથી સતત વરસતા વરસાદ ને કારણે બિદડા ગામમાં પણ પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી, જેના લીધે નીચાણ વાળા વિસ્તારમાં રહેતા પરિવારોના ઘર માં પાણી ભરાઈ ગયા હતા અને રસોઈ ની સામગ્રી પલળી ગઈ હતી, ગામના જાગૃત નાગરિક એડવોકેટ ધર્મેશ સંગાર અને તેની ટીમના યુવાનો એ અલગ અલગ વિસ્તારોમાં જઈ અને જાત નિરીક્ષણ કરતા કપરી પરિસ્થિતિ જણાતા કચ્છ કલેકટરને તથા માંડવી મામલતદાર ને જાણ કરાઈ હતી, જેથી અસરગ્રસ્ત વિસ્તાર ના લોકોને પ્રાથમિક શાળામાં ખસેડાયા હતા. અને તેમની ભોજનની વ્યવસ્થા માટે બિદડા સર્વોદય ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હેમંત રંભીયા ને જાણ કરતા, ૨૯ તારીખે ૫૦ પરિવારો માટે ૧૫૦ ફૂડ પેકેટ અને ૩૦ તારીખે ૮૦ પરિવારો માટે ૩૦૦ ફૂડ પેકેટની વ્યવસ્થા કરાઇ હતી. જેને અલગ અલગ વિસ્તારો માં ફરી ને જરૂરિયાતમંદ લોકોને ઘરે ઘરે જઈને ગામના યુવાનો સુરેશ સંગાર, મયુર સંગાર, સ્મિથ ગોર, વિમલ ગોર વગેરેએ પહોચાડવાનું ઉમદા કામ કર્યું હતું.

## જૈન સેવા સંસ્થા દ્વારા વરસતા વરસાદે શ્રમજીવી પરિવારોને પૌષ્ટિક આહાર વિતરણ



ભુજ તા.૩૦

છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર કચ્છમાં મેઘરાજા અનરાધાર વરસી રહ્યા છે તેવી પરિસ્થિતિમાં હંગામી આવાસ કે ફૂટપાથ પર વસવાટ કરતા ઘણા શ્રમજીવીઓને એક ટંકનું ભોજન પણ નસીબ થયું ન હતું, આ વિકટ પરિસ્થિતિમાં વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા આવા ૫૦૦ કરતાં પણ વધારે શ્રમજીવીઓના દ્વારે જઈને જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના કાર્યકરો દ્વારા ગરમા ગરમ થેપલા, અથાણું, બિસ્કીટ પેકેટ વિગેરનું વિતરણ કરાયું હતું, તેમજ અન્ય જીવદયા કાર્યો કરાયા હતા,અને આ સેવા જરૂરિયાત મુજબ બે દિવસ ચાલુ રાખવાનો સંસ્થાએ નિર્ણય કર્યો હોવાનું પ્રોજેક્ટ ચેરમેન પ્રદીપ દોશી એ જણાવ્યું હતું.

આ અવસરે સંસ્થાના પ્રમુખ વિ.જી.મહેતાના નેતૃત્વમાં હિરેન દોશી, શાંતિલાલ મોતા, ડો. રૂપાલીબેન મોરબીયા, ઓજશ શેઠ, નિરજ દોશી, વંદન દોશી, મનીષ સંઘવી, રાહુલ પટણી, પી.વી. દોશી વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.

## ભુજમાં વરસાદના પગલે દાતાઓના સહયોગથી સેવા કાર્યો



ભુજ તા.૩૦

ભુજ શહેરમાં સતત વરસાદના પગલે ભુંગા અને ઝુંપડાઓ તેમજ એકલા અટુલાને ભોજન વ્યવસ્થા કરી આપવામાં આવી હતી શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા અને દાતાના સહયોગથી આ કાર્ય કરવામાં આવ્યું હતું સાથે જીવ દયા પ્રવુતિ પણ કરવામાં આવી હતી શ્વાનોને દૂધ રોટલી,પંખીને ચણ અપાયા હતા અમદાવાદના મંજરી દેવાંગ ધોળકિયા તરફથી ભોજન વ્યવસ્થા તેમજ જીવદયા પ્રવતિ માટે દર્શન જનાર્દન વૈષ્ણવ અમદાવાદ તરફથી ઉપરાંત નર્મદા ગામોટ અને મનજી ગામોટ તરફથી પણ સહયોગ મળ્યો હતો. સતત વરસાદની વચ્ચે જરૂરિયાત મંદોને ભોજન કરાવવામાં આવ્યું હતું.ઉપરાંત ફૂડ પેકેટ પણ આપવામાં આવી રહ્યા છે. આ સેવા કાર્યોમાં સત્યમ સંસ્થા ના અધ્યક્ષ દર્શક અંતાણી, નરેન્દ્ર સ્વાદિયા, નયન શુક્લ તેમજ અન્યો જોડાયા હતા. હજુ પણ જરૂરિયાત મંદોને છત્રી, ટોર્ચ, કપડા, સૂકો નાસ્તો, ફૂડપેકેટ, તાલપત્રી, વિતરિત કરાશે આ માટે પણ દાતા ને આગળ આવવા અપિલ કરવામાં આવી છે.

## માનવજ્યોત દ્વારા ચાલુ વરસાદે બે હજાર લોકોને ભોજન પહોંચાડાયુ



ભુજ તા.૩૦

ભુજ શહેરનાં વિવિધ વિસ્તારો માં રહેવાનાં મકાનોમાં વરસાદી પાણી ભરાઇ જતાં ભુજની માનવજ્યોત સંસ્થા દ્વારા જરુરતમંદ અસરગ્રસ્ત લોકોને તૈયાર ભોજન પહોંચાડવામાં આવેલ. થેપલા - ચા - ખારીભાત સાથેનું ભોજન પીરસવાયુ હતુ માનવજ્યોતનું હરતું - ફરતું વાહન ભૂંગા - ઝુંપડા - કાચા મકાનોમાં રહેતા લોકો સુધી પહોંચ્યું હતું. અને બપોરનું ભોજન પહોંચાડ્યું હતું. વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દિપેશ શાહ, પ્રતાપ ઠક્કર, રફીક બાવા, રાજુ જોગી,આરતી જોષી, અક્ષય મોતા, સલીમ લોટા, રસીક જોગી, અમૃત ડાભી, હિતેશ ગોસ્વામી, વિક્રમ રાઠીએ સંભાળી હતી. વરસતા વરસાદ વચ્ચે માનવજ્યોત દ્વારા બે હજાર લોકોને ભરપેટ ભોજન કરાવાયું હતું. કચ્છમા વરસાદે ભારે મુશ્કેલી સર્જી હતી જો કે વહીવટી તંત્ર તથા સમાજસેવીઓના સહયોગથી મુશ્કેલ સ્થિતીમાં પણ લોકો સુધી મદદ પહોંચી હતી. તો વરસાદમા કોઇ કામ વગર નિરાધાન લોકોની મદદ માટે પણ સંસ્થાઓ હમેંશાની જેમ મદદે આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બેંગલોરના દિવ્યાંગ ફેશન શોમાં નવજીવન સંસ્થાએ ધૂમ મચાવી



ભુજ તા.૩૦

કર્ણાટિક સ્ટેટ ફેડરેશન ફોર ડિફરન્ટલી એબલ્ડ અને મહેઝ ફાઉન્ડેશન આયોજીત બેંગલોર ખાતે ના નેશનલ કક્ષાના દિવ્યાંગ ફેશન એન્ડ ટેલેન્ટ શો-૨૦૨૪ માં અમદાવાદ ની નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો. હરિકૃષ્ણ ડાહ્યા સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલ્ડ નાં ૫ મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ તુલસી ગુજર, દ્રષ્ટિ શાહ, ધાર્મિક શાહ, શીવ પરીખ,અને જીનલ પટેલ એ ભાગ લીધો હતો.આ શો માં ત્રણ રાઉન્ડ હતા.

ટ્રેડિશનલ ડ્રેસ માં રેમ્પ વોક, વેસ્ટર્ન ડ્રેસમાં રેમ્પ વોક અને ડાન્સ. આ ત્રણ રાઉન્ડ ના અંતે સંસ્થા નાં વિદ્યાર્થી ધાર્મિક શાહ અને તુલસી ગુજર ને પ્રથમ રનર્સ અપ નો અને દ્રષ્ટિ શાહ અને જીનલ પટેલ ને સેકન્ડ રનર્સ અપ નો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. અનેક જગ્યાએથી આવેલા વિદ્યાર્થીઓએ આ શોમાં ભાગ લીધો હતો.

### કચ્છ કોંગ્રેસ દ્વારા જિલ્લા કક્ષાનો કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો

ભુજ તા.૩૦

કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા દ્વારા અતિ ભારે વરસાદની આગાહીની પરિસ્થિતિમાં વિનંતી સ્વરૂપે કચ્છીજનોને જાહેર અપીલ કરવામાં આવે છે કે હાલમાં કચ્છમાંઅતિભારે વરસાદની ગંભીરતાને ધ્યાનમાં લેતા પાણી જ્યાં ભયજનક રીતે વહેતું હોય કે જે જળાશયોમાં પુષ્કળ પ્રમાણમાં પાણી હોય ત્યાં કોઈ વ્યક્તિએ જવું નહીં ઉપરાંત જિલ્લાના વહીવટી તંત્રએ,તથા કોંગ્રેસના કાર્યકરોએ રાહત બચાવ તથાઅસરગ્રસ્તોને મદદ કરવાની કામગીરીમાં જોડાવા તથા કચ્છીજનોને ભારે વરસાદની પરિસ્થિતિમાં સાવધાન રહેવા જણાવવામાં આવ્યુ હતુ ઉપરાંત તમામ તાલુકા મથકોએ કોંગ્રેસનાં કંટ્રોલરૂમમાં કાર્યરત કરવાની સૂચના આપવામાં આવે છે ઉપરાંતકચ્છ જિલ્લા કોંગ્રેસ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરેલ છે વરસાદ અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે જિલ્લા કોંગ્રેસ હેલ્પલાઇન નં યજુવેન્દ્રસિંહ જાડેજા પ્રમુખકચ્છ જિલ્લા કોંગ્રેસ ૯૮૨૫૨૨૬૫૬૪, રામદેવસિંહ જાડેજા ૯૮૨૫૨૫૫૬૨૯ મહામંત્રી કચ્છ જિલ્લા કોંગ્રેસ ધીરજ ગરવા કાર્યાલય મંત્રી કચ્છ જિલ્લા કોંગ્રેસ ૯૪૨૯૧૭૦૦૮૩ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે એવું જિલ્લા પ્રવક્તા ગની કુંભાર દ્વારા જણાવવામાં આવ્યુ હતુ

### ક્ષત્રિય યુવા આગેવાનના દુઃખદ નિધન બદલ કોંગ્રેસે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

ભુજ તા.૩૦

કચ્છ જિલ્લામાં ભારે વરસાદથી ક્ષત્રિય સમાજના જાણતા આગેવાન જોરાવરસિંહ રાઠોડના પુત્ર ભુપેન્દ્રસિંહ રાઠોડ વાહન સાથે જઇ રહ્યા હતા ત્યારે દુર્ભાગ્યે રસ્તા પર અકસ્માતે પાણીમાં તણાઈ જતાં ડૂબી જવાથી દુઃખદ નિધન થયેલ તે બદલ કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા તથા સમગ્ર કોંગ્રેસ પરિવાર દ્વારા આઘાતની લાગણી વ્યક્ત કરાઈ છે, કોંગ્રેસ પક્ષના આગેવાનો વી.કે.હુંબલ, નવલસિંહ જાડેજા,આદમ ચાકી, શિવજી આહીર, અરજણ ભુડીયા, રામદેવસિંહ જાડેજા, ધીરજ ગરવા, ગની કુંભાર, કિશોરદાન ગઢવી, કાસમ સમા, દેવેન્દ્રસિંહ જેઠવા, સલીમ જત, હરિસિંહ રાઠોડ, રાજેશ આહીર, પી સી ગઢવી, રાજેશ ત્રિવેદી હાસમ સમા, આઈસુબેન સમા, અંજલી ગોર, મહેબૂબ પખેરિયા, રજાક ચાકી, હમીદ સમા વિગેરેએ શ્રદ્ધાસુમન અર્પણ કરી પરિવારને સાંત્વના પાઠવી હતી, એવુ જિલ્લા પ્રવક્તા ગની કુંભારની યાદીમાં જણાવવાયું હતું.

**શિક્ષણ,આરોગ્ય તથા કોઇપણ સેવાકીય કાર્યમાં દાન માટે ક્યારેય પાછી પાની ન કરનાર મુળ ફોટડીના અને આફ્રિકા વસવાટ કરતા દાનવીર હસુ ભુડિયાના નિધનથી કચ્છમાં ઘેરા શોકની લાગણી સામાજીક-ધાર્મીક સંસ્થાઓએ સેવાને યાદ કરી શ્રધ્ધાશુમન અર્પણ કર્યા**

## કચ્છી દાનવીર હસુ ભુડિયાનુ યોગદાન ક્યારેય નહી ભુલાય !

ભુજ તા.૩૦

કચ્છ અને આફ્રિકામાં શિક્ષણ,આરોગ્યના ક્ષેત્રમાં મોટું યોગદાન આપનારા જાણીતા દાતા હસુ કાનજીભાઈ ભુડિયાનું ગુરૂવારે નિધન થયુહતુ. જે સમાચારથી કચ્છ અને કચ્છ બહાર વસ્તા લેવા પટેલ સમાજના કચ્છીઓમા ઘેરા શોકની



લાગણી પ્રસરી હતી. ૫૭ વર્ષીય આગેવાનની અંતિમક્રિયા રવિવારે મોમ્બાસા-આફ્રિકા ખાતે થશે ગુરુવારે સવારે દસેક વાગ્યાના સમયે તેમના નિવાસ સ્થાને હસુ ભુડિયાને હૃદયરોગનો હુમલો આવતા તેનુ નિધન થયા હોવાની માહિતી સામે આવી હતી.મુળ ફોટડી ગામમાં જન્મેલા હસુ ભુડિયાએ મોમ્બાસાને કર્મભૂમિ બનાવી હતી.જો કે માદરે વતન કચ્છમાં દાન આપવા માટે ત્યારે તેમણે ક્યારેય પાછી પાની કરી ન હતી વતનમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે તેમણે કરોડોનું દાન આપ્યુ હતુ. તે પછી કચ્છી લેવા પટેલ કન્યા શિક્ષણ માટે ૨૫ વર્ષ સુધી મફત શિક્ષણની તેમની પહેલ હોય કે પછી ભુજમાં કાર્યરત લેવા પટેલ હોસ્પિટલ માટે આપવામાં આવેલા યોગદાનની વાત હોય કચ્છની હમેંશા તેઓએ ચિંતા કરી છે. તો તેમના ઉદાર કાર્યોનો લાભ આફ્રિકન દેશોને પણ મળ્યો છે



કચ્છમા તેમના સેવાકીય યોગદાનની વાત કરીએ તો ભુજોડીમાં રબારી સમાજની કન્યાઓ માટે લાખોના ખર્ચે મંગલ મંદિરમાં માલધારી કન્યા છાત્રાલય બનાવી આપ્યું હતુ.તો કચ્છી લેવા પટેલ સમાજની દિકરીઓ માટે રતનધામ અને સૂરજ શિક્ષણ ધામના છાત્રાલયમાં રહી ભણે તે માટે તેઓએ ઉદાર દિલે દાન આપ્યુ હતુ તો કુમારોના શિક્ષણની પણ ચિંતા કરી હતી. છેલ્લા તેમની કચ્છ મુલાકાત દરમ્યાન તેઓએ કન્યા શિક્ષણ માટે ૧૫૦ કરોડનું માતબર દાન જાહેર કર્યુ હતુ જે ઘટનામાં હજારો કચ્છની દિકરીઓના આંખમાં આશુ લાવી દીધી હતી. જો કે આવી તો અનેક નાની-મોટી પ્રવૃતિ માટે તેઓએ કચ્છ તથા આફ્રિકામાં યોગદાન આપ્યુ છે જેથી તેમનુ નિધન થતા વિવિધ સામાજીક આગેવાનોએ શ્રધ્ધાજલી આપી હતી. કચ્છ તથા વિદેશમા વસ્તા અનેક કચ્છીઓ તેમના અંતિમ દર્શન, અતિમક્રિયા સમયે હાજરી આપવા માટે પહોચશે તેમના નિધન પર કચ્છી લેવા પટેલ સમાજ સહિત અન્ય સામાજીક અગ્રણીઓએ શોક વ્યક્ત કર્યો હતો જ્યારે કચ્છની સૌથી મોટી ધાર્મીક સંસ્થાન સ્વામીનારાયણ મંદિરના સંતો-ટ્રસ્ટ્રીઓએ કચ્છને મોટી ખોટ પડી હોવાનો ભાવ વ્યક્ત કર્યો હતો. મોમ્બાસા સ્થિત મૂળ કચ્છના મોટા દાનવીર હસુભાઈના નિધનથી શોક અને આધાત સાથે સંપ્રદાય અને સમાજે એક અનન્ય સેવાભાવી પ્રખર હરિભક્ત ગુમાવ્યા હોવાની લાગણી ફેલાઈ છે.તેવુ સ્વામીનારાયણ મંદિરના મહંતે એક શોક સંદેશમા જણાવ્યુ હતુ કચ્છી લેવા પટેલ સમાજ ના સમાજ રત્ન એવા અડીખમ દાનવીર દાતાશ્રી અને શ્રેષ્ઠ માર્ગદર્શક, મોમ્બાસા -કેન્યા નિવાસી અક્ષર નિવાસી હસુભાઈ ભૂડિયા આપણી વચ્ચેથી વિદાય લઈ ગયા.ના માની શકાય એવી એમની વિદાય સમગ્ર સમાજ ,અનેક સંસ્થાઓ, દેશ વિદેશ ના એમની સેવાના લાભાર્થી અને સાધુ સંતો અને સત્સંગી માટે કાળજું કંપાવે એવી ને ક્યારેય ના પુરાય એવી મોટી ખોટ પડવા સમાન છે. હસુભાઈની પરોપકારી માતબર સેવા મોમ્બાસા કેન્યા કચ્છ ગુજરાત અને ઈસ્ટ આફ્રિકાની અનેક સંસ્થામાં અજોડ છે.તેવો ભાવ સાથે અંજલી આપી હતી તેવુ કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજી રામજી પિંડોરિયાએ જણાવ્યુ હતુ

### વિદાયથી મોટી ખોટ: સ્વામી ધર્મનંદનદાસ

કચ્છી લેવા પટેલ સમાજના મોમ્બાસા સ્થિત સેવાભાવી દાતાર હસમુખ કાનજી ભુડિયા એ કચ્છ, ગુજરાત અને વિદેશોમાં શિક્ષણ,આરોગ્ય, ધાર્મિક કાર્યોની સાથે દરેક સમાજ માટે નિષ્ઠાપૂર્વક સેવાઓને પોતાના જીવનનો મંત્ર બનાવી અસંખ્ય પરોપકારી કાર્યો કર્યા છે, તેમની સેવા



અને સમર્પણ ભકિત સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અને સમાજમાં જગ વિખ્યાત હતી, તેમના નિધનથી સંપ્રદાય અને સમાજે સાચા અર્થમાં એક સેવાભાવી સત્સંગી હરિભકત ગુમાવ્યા હોવાની લાગણી વ્યક્ત કરાઈ હતી.આ અત્યંત દુઃખદ સમાચાર મળતાં ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસ, ઉપમહંત સ્વામી ભગવજીવનદાસ, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સંત કોઠારી સ્વામી નારાયણમુનિદાસ, કાર્યવાહક વહીવટી સંત દેવપ્રકાશદાસ, મુખ્ય કોઠારી મુરજી કરસન શીયાણી, ઉપકોઠારી જાદવજી વિશ્રામ ગોરસીયા, સલાહકાર સમિતિના રામજી દેવજી વેકરીયા વિગેરેએ ઉંડા શોકની લાગણી સાથે શ્રધ્ધાસુમન વ્યકત કરતાં જણાવ્યું હતું કે, તેમના કાર્યોને સદૈવ સંપ્રદાય અને સમાજના લોકો યાદ કરતા રહેશે, તેમના નિધનથી સંપ્રદાય અને સમાજે સેવાભાવી દાનવીર હરિભકત ગુમાવ્યા છે. તેમના પરિવારજનો પર આવી પડેલ આ વિપદાની ઘડીમાં ભગવાન સ્વામિનારાયણ તેમને શક્તિપ્રદાન કરે એવી પ્રાર્થના કરાઈ હોવાની લાગણી વ્યક્ત કરી હતી તેવુ સ્વામિનારાયણ મંદિરના મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજી એ જણાવ્યું હતું.

## માધાપર મહેશ્વરી સમાજની બહેનોનું કઠીન ગોરખોડા વ્રત



ભુજ તા.૩૦

સમગ્ર વિશ્વમાં વસતા મહેશ્વરી સમાજમાં ભાઈઓ માઘસ્નાન કઠીન વ્રત ધારણ કરે છે જયારે પરણિત બહેનો શ્રાવણ માસમાં એકમથી ગવરીવ્રત ગોરખોડા ધારણ કરે છે. જે આદીકાળથી શિવપાર્વતીના અવતારધારી ગણાતા મહેશ સંપ્રદાય, મહેશ્વરી સંપ્રદાયના આરાધ્યાય ઈષ્ટદેવ ધણીમાતંગદેવ તથા આઈ માતા લખણઈદેવી માતાજીની કઠોર તપસ્યાની પરંપરા મુજબ પ્રારંભ કરાયો છે.

જે પરણિત સ્ત્રી દ્વારા પોતાના પતિના લાંબા આયુષ્ય, સુખ સમૃદ્ધિ, તથા ધાર્મિક સંસ્કારના સિંચન તથા પૃથ્વી પરના દરેક જીવો અને વિશ્વ કલ્યાણ માટે આ કઠોર તપાસ્યા કરવામાં આવે છે જેમાં મહિલાઓ સવારે ત્રણ વાગે ઉઠી સ્નાન કરી અલખ દેવ લુંણગદેવ ગણેશદેવની આરાધના પૂજા પાઠ કર્યા બાદ પાંચ વાગ્યે અંન્ન જળનો ત્યાગ કરી આખો દિવસ કોરા ઉપવાસ રાખે છે સાંજે ફરી સ્નાન કરી ઈસ્ટ દેવની પૂજા અર્ચના કરી લુણંગદેવને લાડુના પ્રસાદ અને પતરી ફુલ ચડાવી આરાધનાઓ કરી ઉપવાસ પૂર્ણ કરે છે આવી ૧૬ દિવસ સુધી આ તપસ્યા કરવામાં આવે છે. હાલમાં દરેક ગામોમાં મહિલાઓએ આ વ્રત ધારણ કરેલ છે, ત્યારે નજીકના માધાપર ગામે પણ મોટી સંખ્યામાં બહેનો પણ આ વ્રત ધારણ કરી રહી છે, સમગ્ર કચ્છ ગુજરાતમાં વિવિધ ધાર્મિક સ્થળોએ સમાજો,સમિતિઓ તથા સેવાભાવી લોકો દ્વારા ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો,ભોજન વ્યવસ્થા વગેરેની સેવાઓ આ વ્રતધારી બહેનો માટે ઉપલબ્ધ કરાવે છે,જ્યાં મોટી સંખ્યામાં ગોરખડા વ્રતધારી બહેનો હાજરી આપે છે, અને ધાર્મિક માહોલ સર્જાય છે, એવું માધાપરના ભૂપેન્દ્ર મહેશ્વરીએ જણાવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય સેમિનારના માધ્યમથી રેલવેના વિસ્તરણ અંગે મંથન

ગાંધીનગરના મહાત્મા મંદિર સ્થિત કન્વેન્શનલ સેન્ટર ખાતે ઇન્સ્ટિટ્યુશન્સ ઓફ પરમેનન્ટ વે એન્જિનિયર્સ આઈપીડબ્લ્યુઇ-ગાંધીનગર ૨૦૨૪ નો બે દિવસીય સેમિનાર શરૂ થયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ આઈપીડબ્લ્યુઇ ના સંરક્ષક તથા રેલવે બોર્ડ ના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અનિલ કુમાર ખંડેલવાલ હતા.આ પ્રસંગે કાર્યક્રમનું આયોજન કરી રહેલા પશ્ચિમ રેલવેના પ્રિન્સિપલ ચીફ એન્જિનિયર શ્રી અમિત ગુપ્તાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ આઈપીડબ્લ્યુઇ નો ૩૦ મો સેમિનાર છે જેનું આયોજન ગુજરાતના ગાંધીનગરમાં થઈ રહ્યું છે, તે પશ્ચિમ રેલવેનું સૌભાગ્ય છે કે અમને આ ગૌરવપૂર્ણ આંતરરાષ્ટ્રીય આયોજનનું હોસ્ટિંગ કરવાની તક મળી રહી છે.આ સેમિનાર સિવિલ એન્જિનિયરિંગના ક્ષેત્રે વિવિધ સ્તરે વિચારોનું આદાન-પ્રદાન કરવા અને જ્ઞાન અને અનુભવોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યુ હતુ રેલવે ટ્રેક એન્જીનીયરીંગના ક્ષેત્રમાં નવી ટેકનોલોજી અને આધુનિકીકરણના યુગમાં, જેમાં બ્રિજ એન્જીનીયરીંગ રેલ્વે ટ્રેક એન્જીનીયરીંગ સહિતના પ્રોજેક્ટ પ્લાનીંગમાં તેને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા છે. આ સેમિનારમાં,રેલવે એન્જિનિયરો દ્વારા તેમના ક્ષેત્રમાં સામનો કરી રહેલા તમામ સંબંધિત સમસ્યાઓ અને પડકારોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી રેલ્વે મંત્રી



અશ્વિની વૈષ્ણવ દ્વારા વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા આપેલા તેમના શુભેચ્છા સંદેશમાં આ સેમીનારની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે ભારતીય રેલવે ના એન્જીનીયરો વિશ્વના શ્રેષ્ઠ એન્જીનીયરો પૈકી એક છે અને જ્યારે પણ દેશ માં સૌથી જટિલ પ્રોજેક્ટ હોય ત્યારે રેલવે ની વાત આવે છે.રેલવે ગરીબ અને મધ્યમ વર્ગ ની સાથે સાથે જનજન ની સવારી છે.આવી સ્થિતિમાં આપણે કઈ રીતે નવી ટેકનોલોજી અને નવી સુવિધાઓ લાવીએ છીએ અને ટ્રેક સંબંધિત જે નવીનતાઓ કરવાની છે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.ભારતીય રેલ્વે એ વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્કમાંનું એક છે. જ્યાં દરરોજ ૨ કરોડ મુસાફરો અને ૫૦ લાખ ટર્ન કાર્ગોનું પરિવહન થાય છે અને ૮,૦૦૦ રેલવે સ્ટેશનોને જોડતી દરરોજ ૨૦,૦૦૦ ટ્રેનો દોડે છે. તે માત્ર દેશની જીવાદોરી નથી પરંતુ દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ પણ છે.

**ભારતીય રેલવેના વરિષ્ઠ એન્જિનિયરો સહિત નિવૃત્ત એન્જિનિયરિંગ અધિકારીઓ બેઠક માટે એકઠા થયા રેલવે મંત્રીએ કહ્યુ ભારતીય રેલવે એન્જિનિયરો વિશ્વના શ્રેષ્ઠ એન્જિનિયરો ૨૦૩૦ સુધીમાં ૩૦૦૦ મિલિયન ટન માલ નું પરિવહન સાથે રેલવેના વિસ્તરણ અંગે ચર્ચા કરાઈ**

## ભચાઉ હાઈવે પર શંકાસ્પદ ૧૭ લાખનો જવલનશીલ પ્રવાહી જથ્થો પકડાયો

ભચાઉ તા.૩૦

ગાંધીધામ ભચાઉ હાઈવે પરથી સરહદી વિભાગ ક્રાઇમ પોલીસે શંકાસ્પદ જણાતો રૂ.૧૭ લાખના જ્વલનશીલ પ્રવાહી જથ્થો, ટેન્કર સહિત કિ.રૂ.૫૨,૧૩,૫૬૫ સાથે એક ઈસમને પકડી પાડ્યો છે. સાયબર ક્રાઈમ પો.સ્ટે.ના સ્ટફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઈન્સ.વાય.કે.ગોહિલને ખાનગી બાતમી મળેલ કે, એક ટેન્કરઃ ય્ત્ન ૧૨ મ્ઙ ૯૧૪૯ માં શંકાસ્પદ જ્વનશીલ પદાર્થ ભરેલ છે. તેમજ હાલમાં આ ટેન્કર ગાંધીધામ ભચાઉ હાઈ વે પર અગ્રવાલ ઓટો મોબાઈલ્સ નામના પેટ્રોલ પંપની સામે સર્વીસ રોડ જઈ રહેલ છે, બાતમી આધારે રેઈડ કરી ના.પો. અધિ.મુકેશ ચૌધરીની હાજરીમાં મૂળ રાજસ્થાનના ટેન્કર ચાલક ગોરધનદાસ ઉત્તમદાસ વૈષ્ણવ વિરુદ્ધ અંજાર પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરી શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહી કિ.રૂ.૧૭,૦૩,૫૬૫, ટેન્કર કિ. રૂ.૩૫,૦૦,૦૦૦ મોબાઈલ, આધારકાર્ડ વગેરે ડોક્યુમેન્ટ મળી કુલ્લ રૂ.૫૨,૧૩,૫૬૫ નો મુદામાલ જપ્ત કર્યો હતો. આ કામગીરી સાયબર પોલીસ સરહદી રેન્જના સીની પો.ઈન્સ.એલ.પી. બોડાણાના માર્ગદર્શન હેઠળ ઈન્સ.વાય કે.ગોહિલ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.



કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# ‘અસના’ની આફત ટળી !

## હવે કચ્છને મુશ્કેલીમાંથી ઉભુ કરવાનો પડકાર

### ૨૪ કલાકમાં જ જનજીવન સામાન્ય કરશે ‘ટીમ કચ્છ’

**હવામાન નિષ્ણાંતોએ જેને દુર્લભ સંયોગ ગણ્યો હતો તેવા વાવાઝોડાનો ખતરો ગુજરાત-કચ્છ પરથી ટળ્યો છે, આ વાવાઝોડું કચ્છને સ્પર્શીને આગળ નીકળી ગયું છે, આ સિસ્ટમ હજુ અરબી સમુદ્રમાં જ આગળ વધશે પરંતુ તે ગુજરાતના દરિયાકિનારાથી સતત દૂર થતા હવે ગુજરાત પર ભયાનક વાવાઝોડાનો ખતરો નથી : તેવુ નિષ્ણાંતોએ જણાવ્યુ હતુ શુક્રવારે કચ્છમાં હળવો વરસાદ જ નોંધાયો હતો : જો કે માંડવી,અબડાસા સહિતના વિસ્તારોમા લોકો માટે હજુ સમસ્યામાંથી બહાર આવવાનો અને તંત્રને મદદ પહોંચાડવાનો પડકાર છે**










ભુજ તા.૩૦

બુધવારથી સતત પડેલા વરસાદ બાદ ગુરૂવારે એકજ દિવસમાં પડેલા ભારે વરસાદને કારણે માંડવી શહેર ડુબી ગયુ હતુ ગુરૂવારે માંડવીમા ભારે મુશ્કેલ સ્થિતી હતી અને મદદ માટે આર્મીને બોલાવી પડી હતી ગુરૂવારે માંડવી શહેરમાં આભ ફાટયું હોય તેમ ચારે બાજુએથી પાણીએ ઘેરાવ કરી આખા શહેરને બાનમાં લીધુ હતુ શહેરમાં પ્રવેશતા જ, નવાનાકા સ્વામિનારાયણ મંદિર, જ્યોતેશ્વર પાર્ક વિસ્તાર અને ક્યારેય પાણી ન ભરાય તે એસ.ટી.રોડ ઉપર ૩/૪ ફુટ અને બંદરરોડ પર લાકડા બજારના છેડે મોટા નાલા ઉપર બબે ફુટ પાણી અને પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પ્રતિમા પાસે પાણી ભરાઇ ગયા હતા, જુની પોસ્ટ ઓફિસ રોડ, ભુજવાળા નાકામાંથી પાણી પ્રવાહ પ્રવેશ કરી શ્રદ્ધા ગેસ્ટ હાઉસ નીચેના ભાગેથી લાક્ડા બજારમાં નીકળી રહ્યો હતો, ભુજવાળા નાકામાં અગાઉ અત્યાર સુધી ક્યારેય પાણીનો પ્રવેશ નથી થયો, જે આ વખતે થયો હતો, બાબાવાડી તેમજ સોસાયટી વિસ્તારોમાં અનેક ઘરોમાં ગ્રાઉન્ડ ફલોરમાં ૪-૫ ફુટ પાણી ભરાયા હતા, વલ્લભનગર, જયનગર, માધવનગર, મેઘમંગલનગર, પોલીસ કવાર્ટર જીમખાના પોસ્ટ ઓફિસ, લોહાણા બાળાશ્રમ, વગેરે અનેક વિસ્તારો પાણી ભરાવાના કારણે બેટમાં ફેરવાઈ ગયા હતા. જેને કારણે લોકોનુ બહાર નિકળવુ મુશ્કેલ હતુ અને જે સ્થિતી હતી તેજ સ્થિતિમાં લોકો ઘરમા રહ્યા હતા જ્યારે આર્મી મદદ માટે આવી ત્યારે લોકો ઘરની બહાર નિકળ્યા માંડવી બંદરે ૨૦૨૨ થી લાંગરેલું વહાણ ’અલ નમરાણા’ ને બાંધેલા રસ્સાઓ પણ પવન અને પાણી મારના કારણે છુટી ગયા હતા અને વહાણ ઉપરના ભાગે ચડી જતાં વહાણના બંન્ને ઈંજીનને કરોડોના નુકશાન થયાનો અંદાજ તેમના માલિકોએ દર્શાવ્યો હતો.મામલતદારથી લઇ પાલીકા સહિત તમામ લોકોએ સંકલનમા રહી કામગીરી કરી હતી જેની લોકોએ સરાહના કરી હતી .

માંડવીમા આફત બાદ આજે જનજીવન સામાન્ય કરવા માટેની કામગીરી હાથ ધરાઇ હતી. પાણી કાઢવા સહિત લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી વરસાદ બંધ રહેતા શક્ય બની હતી દરમ્યાન આજે ભુજની સમિક્ષા બેઠકમાં વહીવટી પ્રક્રિયા અનુસરીને અસરગ્રસ્તોને વહેલીતકે સહાયની ચૂકવણી સાથે અસરગ્રસ્ત વિસ્તારોમાં આગામી ૨૪થી ૪૮ કલાકમાં વરસાદની પાણી ઓસરી ગયા બાદ રિસ્ટોરેશનની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો,માંડવીના ધારાસભ્યો સહિત અગ્રણીઓ સતત માંડવીમા સ્થિતી સામાન્ય કરતા દેખાયા હતા.

## ટીમ વર્કથી કામ થયુ : મંત્રી દોડી આવ્યા

બે દિવસથી આમતો માંડવીમાં મુશ્કેલી હતી અને ભારે વરસાદને કારણે ગુરૂવારે સ્થિતી વધુ વિકટ બની હતી જે બાદ સ્થાનીક તંત્ર સાથે કચ્છ મુલાકાતે આવેલા મંત્રી પણ માંડવી દોડી આવ્યા હતા અને જરૂરી મદદ માટે ખાતરી આપી હતી જો કે તે પહેલા માંડવીના સ્થાનીક તંત્ર,પાલીકા,ચુંટાયેલા સભ્યોના સહયારા પ્રયાસથી માંડવીને આફતમાં રાહતની મદદ મળી હતી નગર સેવાસદન મધ્યે મુખ્ય અધિકારી સુંજય પટેલ, નગરપતિ હરેશ વિઝોડા, કારોબારી ચેરમેન વિશાલ ઠઠકર વગેરેના માર્ગદર્શન હેઠળ આખી ટીમ સતત કાર્ય કરી રહી હતી ધારાસભ્ય અનિરૂદ્ધ દવે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ લોકોને સ્થળાંતર કરવા તેમજ પ્રશાસનને સહયોગ આપતા નજરે પડ્યા હતા સાંસદ વિનોદ ચાવડા, સહિત ભાજપની ટીમ પણ અસરગ્રસ્ત એવા વિસ્તારોની મુલાકાતે પહોંચી હતી અને તંત્રને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. પ્રાંત અધિકારી,મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી વગેરેના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો દરેક ગામના તલાટીઓ સાથે સતત સંપર્કમાં રહી સમગ્ર પરિસ્થિતિને પહોંચી વળવા કામે લાગ્યા હતા. વિધુત બોર્ડના કાર્યપાલક ઈજનેર વિપુલ પટેલ, અને તેમની ટીમે પણ સવારથી જ કોઈ અઈચ્છનિય બનાવ ન બને તે માટે તાત્કાલિક પાવર સપ્લાય બંધ કરાવ્યા બાદ  વરસતા વરસાદમાં પણ ઈલેક્ટ્રીસીટીની સેવા ઝડપથી શરૂ તાય તે માટે કામ કર્યુ હતુ. આમ સમગ્ર ટીમે સાથે રહી કામ કરતા માંડવીની સમસ્યા હળવી થઇ હતી.

### અનેક લોકોને સલામત ખસેડાયા

બે દિવસથી પડેલા ભારે વરસાદ બાદ ગૂરૂવારે શહેર પાણી-પાણી થઈ જતા તેની અસર જનજીવન પર દેખાઇ હતી તંત્રએ ગુરૂવારે ૨૦૦ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા જે કામગીરી શુક્રવારે પણ ચાલુ રહી હતી. શુક્રવારે પણ માંડવીના પોષ વિસ્તારમા મુશ્કેલીમા રહેલા લોકોને આર્મીની મદદથી બહાર કઢાયા હતા તો તાલુકામાં પણ અનેક સ્થળોએ લોકોને સલામત ખસેડાયા હતા. જેમાં તાલુકાના મોડકુવા ગામે ૯ લોકો પાણી વચ્ચે ફસાયા હતા, તેમને રેસ્ક્યુ કરી બહાર કાઢી સલામત સ્થળે પહોંચાડ્યા હતા. માંડવીમાં ભારે વરસાદ બાદ સ્થાનીક તંત્રની મદદ માટે આર્મી આવી હતી અને બાબાવાડી વિસ્તાર સહિત શહેરના પાણીમાં ફસાયેલા વૃધ્ધ સહિતના લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા જેમાં આર્મીના જવાનો જોડાયા હતા માંડવી-૭૦૩, મુન્દ્રા-૩૫૮ લોકોના સ્થળાંતર કરાયા હતા જ્યારે માંડવી વિસ્તારમાં ૨૩ લોકોના રેસક્યુ કરાયા હતા.

## કચ્છમાં ૩૦૦૦ લોકોને સ્થળાતંર-રેસ્કયુ કરાયા

### આફતમાં દેવદુત બની તંત્રએ લોકોને રેસક્યુ-સ્થળાતંર કર્યા



કચ્છમા ભારે વરસાદ બાદ વાવાઝોડાની અસરનુ સકંટ હતુ જે હવે ટળી ગયુ છે. પરંતુ તેમ છંતા ભારે વરસાદ અને અગમચેતીના ભાગરૂપે વરસાદ, વાવાઝોડા અને ભારે પાણીના પ્રવાહથી મુશ્કેલી ન સર્જાય તે માટે તંત્ર દ્વારા કામગીરી કરાઇ હતી જેમાં કચ્છમાં ૨૮૨૮ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા જેમા અબડાસા-૬૭૫, લખપત-૭૨૫, માંડવી-૭૦૩, મુન્દ્રા-૩૫૮, ભુજ-૩૫૦, અંજાર-૧૧, જ્યારે ગાંધીધામાંથી ૬ લોકોને સ્થળાંતર કરાયા હતા. એમ કુલ કચ્છમાં ૨૮૨૮ લોકોનેસ્થળાંતર કરાયા હતા જ્યારે અંજાર, માંડવી મુન્દ્રામાં ૨૫૯ લોકોને રેસ્કયુ કરી બચાવાયા હતા. જેમા મુન્દ્રા અદાણી પોર્ટમાં ૧૬૪ લોકોને રેસક્યુ કરાયા હતા જ્યારે અંજારમા એક, માંડવીમા ૨૩, મુન્દ્રાના કાંડાગરા તથા મુન્દ્રા શહેરમાં એક એમ કુલ ૨૫૯ લોકોને સ્થળાંતર કરાયા હતા જેમના માટે જરૂરી વ્યવસ્થા સાથે સલામત સ્થળે રહેવા સહિતની વ્યવસ્થા તંત્ર દ્વારા કરાઇ હતી. તથા વહીવટી તંત્ર તથા પોલીસ દ્વારા સંકલનમા રહી કામગીરી કરાઇ હતી. મુન્દ્રાના કાંડાગરા ગામે લેબર કોલોની ઉપરાંત મુન્દ્રા પોર્ટ પર ભારે વરસાદ બાદ પાણીના પ્રવાહમાં ફસાયેલા લોકોન સલામત કરાયા હતા તો લખપત, અબડાસામા દરિયાઇ વિસ્તારમાં વાવાઝોડાની અસરના પગલે લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. હવે તમામ અહેવાલો સાથે ઝડપથી સર્વેની કામગીરી, નુકશાની અંગેનો ચિતાર એકઠો કરવા સાથે જે વિસ્તારોમા ભારે વરસાદ પડ્યો છે તેના પર જીલ્લા ડિઝાસ્ટરની ટીમ સતત નજર રાખી રહ્યા છે. ગુંદીયાળીમાં જાનના જોખમે ૨ મજૂરોને વહીવટીતંત્ર તથા એનડીઆરએફની ની ટીમે ૩ કિ.મી દલદલમાં ચાલીને રેસ્કયુ કર્યા હતા દરિયાકાંઠાના વિસ્તારમાં મીઠાની કંપની આસપાસ વરસાદી પાણી ભરાઇ જતાં ૨૪ કલાકથી વધુ સમયથી મજૂરો પાણી વચ્ચે ફસાયેલા હતા ૩ કલાકના અંતે ફસાયેલા મજૂરોને બહાર કાઢવામાં સફળતા મળી હતી જે કામગીરીમાં સ્થાનીક તંત્ર તથા જવાનો જોડાયા હતા કલેકટરની સતત આ તમામ ઘટનાઓ પણ નજર રાખી રહ્યા હતા અંતે ૩ કિ.મી દલદલવાળા વિસ્તારમાં ચાલીને ૩ થી ૪ ફુટ સુધી ભરાયેલા પાણી વચ્ચે બચાવાયા હતા આવી રીતે તમામ લોકોની વહારે તંત્ર આવ્યુ હતુ.

# અબડાસાના ગામો કાયમી સંપર્કમા રહે તેવા આયોજનની જરૂર

**અબડાસામાં પણ ત્રણ દિવસથી અવિરત વરસાદ ચાલુ છે. અગાઉ ભારે વરસાદ બાદ સારા વરસાદથી અબડાસામાં ભારે મુશ્કેલી સર્જાઇ હતી અને દર વર્ષે ચૌમાસામાં સંપર્ક બહાર જતા ગામો આ વખતે પણ સંપર્ક વિહોણા બન્યા હતા જેના કાયમી ઉકેલ માટે વિચારવુ પડશે ધારાસભ્ય,પોલીસવડા,રેન્જ આઇજી સહિતના જવાબદારોએ સ્થિતીનો તાગ મેળવ્યો**






નલીયા, તા.૩૦

અબડાસામાં એક તરફ વરસાદે મહેર કરાવી છે અને અબડાસાના તમામ ડેમો-તળાવો છલકાઇ ગયા હતા જો કે ભારે વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ભારે નુકશાન સાથે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદ બાદ ગૂરૂવારે રેન્જ આઈજી ચિરાગ કોરડીયા કોઠારા સહિત અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોચ્યા હતા તો બીજી તરફ આજે પચ્છિમ કચ્છ ઇન્ચાર્જ એસપી સાગર બાગમાર અબડાસા પહોચ્યા હતા. અન નલિયાના મફતનગર વિસ્તારમા ફુટ પેકેટ વિતરણ કરવા સાથે જખૌ વિસ્તારમાં કરાયેલા સ્થળાંતરની વિગતો મેળવી હતી. અબડાસામા પડેલા વરસાદ બાદ સુથરી, મોથાળા, કોઠારા, વિંઝાણ, જખૌ સહિત અનેક ગામોમાં ભારે હાલાકી લોકોને ભોગવવી પડી હતી અને ગામમાં વરસાદી પાણી ફરી વળતા લોકો મુશ્કેલીમા મુકાયા હતા. જો કે બારા ગામ હંમેશની જેમ ફરી ૨ દિવસ થી સંપર્ક વિહોણું બન્યુ હતુ. ગામમાંથી બે કાંઠે નદી વહેતા ગામ સંપર્ક વિહોણું બન્યું હતુ બારા ગામ સાથે લાલા, જખૌ, સુથરી સહિતના અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા જે માર્ગ ફરી શરૂ કરી દેવાતા ત્યા જનજીવન ફરી ધબકતુ થયુ છે. જો કે તંત્રએ આ વિસ્તાર અને ખાસ કરીને જખૌ બંદરેથી ૮૯૬ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા. જે માટે તંત્રએ વ્યવસ્થા કરી હતી ભારે વરસાદથી જખૌ, બાળા, કોઠારા, સુથરી, વાંકુ સહિતના ગામોમા પાણી ભરાયા હતા અને અહીના લોકોએ સમસ્યાના કાયમી ઉકેલ માટેની માંગ પણ કરી હતી અને તંત્ર દ્વારા વરસાદી પાણીની કાયમી સમસ્યાના ઉકેલ માટે કામ ન કરાતુ હોવાની ફરીયાદ પણ કરી હતી અબડાસા તાલુકામાં જનજીવન સામાન્ય બને તે રીતે યુદ્ધના ધોરણે રિસ્ટોરેશનની કામગીરી કરવા પ્રભારીમંત્રીએ સૂચના આપી હતી તો ખાસ કિસ્સામાં અધિકારી તરીકે દેવાંગ રાઠોડને ફરી અબડાસા મુકાયા હતા.તો બીજી તરફ અબડાસાના જખૌ ગામે પાણી ફરી વળ્યા હતા ગામના આગેવાનોએ જણાવ્યુ હતુ કે ભારે વરસાદથી પશુધનને ભારે નુકશાન ગયુ હતુ સાથે લોકોના ઘરોમા પણ પાણી પહોંચતા નુકશાન ગયુ હતુ તો અબડાસામા ભારે પવન સાથે વરસાદ બાદ કેટલાક વિસ્તારોમા વિજ પુરવઠો ખોરવાયો હતો તો ક્યાક થાંભલા પડી જવાના બનાવો પણ સામે આવ્યા હતા આમ અબડાસા વિસ્તાર પણ ત્રણ દિવસમા વરસાદથી મુશ્કેલીમા મુકાયુ હતુ ત્યારે ભારે વરસાદ બાદ કાયમી જે ગામોમા સમસ્યા સર્જાય છે તેના કાયમી ઉકેલની માંગ કરાઇ હતી. ગઈકાલે રેન્જ આઈજી બાદ આજે વાવાઝોડાની અસરની શક્યતા વચ્ચે ઇન્ચાર્જ જિલ્લા પોલીસ વડા એ નલિયા અને જખૌના દરીયાઈ પટ્ટી વિસ્તારમાં રહેતા લોકોની વહારે પહોચ્યા હતા અને તાત્કાલિક અસર ગ્રસ્ત લોકો ને સલામત સ્થળે ખસેડવામાં આવ્યાં હતા. સાથે ભુખ્યા,તરસ્યા રહેલા લોકો માટે તાત્કાલિક ફુટ પેકેટ તથા પીવાના પાણીની તથા ગરમ નાસ્તાની વ્યવસ્થા કરી હતી.નલિયા વિભાગના ડીવીઝન અધિકારીઓ તેમની મુલાકાત સમયે સાથે રહ્યા હતા પોલીસવડાએ પોલીસ પરિવાર સાથે અસરગ્રસ્ત લોકો પાસેથી માહિતી મેળવી જરૂરી સુચનો આપી લોકોની મદદ કરી હતી.

## અબડાસામા જનજીવન ઝડપથી સામાન્ય કરો : મંત્રી



કચ્છમાં વાવાઝોડાની અસરના પગલે દરિયાકાંઠાના તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે.પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કચ્છના અબડાસા તાલુકાના મુખ્યમથક નલીયાની પ્રાંત કચેરીએ સમીક્ષા બેઠક યોજીને જનજીવન સામાન્ય બને તે માટે ની વહીવટીતંત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી. નલીયા પ્રાંત અધિકારી કુન્દન વાઘેલાએ અબડાસા તાલુકાની વર્તમાન સ્થિતિ અંગે પ્રભારીમંત્રીને માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારે પવન સાથેના વરસાદના લીધે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી કુલ ૮૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.સ્થળાં તરિત લોકો માટે ફૂડ પેકેટ સહિત પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.અબડાસા તાલુકાની પરિસ્થિતિનો તાગ મેળવી રોડ કનેક્ટિવિટી અને વીજ પુરવઠો યુદ્ધના ધોરણે પૂર્વવત કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત વરસાદ બાદ ગ્રામ્ય રોડ રિપેરિંગ, પશુ મરણ સહાય, સરકારી નિયમોનુસાર કૅશડોલ સહાય, નુકસાન સર્વે કામગીરી, રોગચાળો અટકાવવા જરૂરી આરોગ્યલક્ષી પગલાઓ સહિતની બાબતોને પ્રાથમિકતા આપી કામગીરી કરવા ઉપર ભાર મૂક્યો હતો.

## સ્થિતી સમિક્ષા સાથે પ્રભાવિત ગામોમાં પહોચ્યા ધારાસભ્ય



કચ્છમાં વાવાઝોડાની અસરના પગલે દરિયાકાંઠાના અબડાસા, લખપત તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ શુક્રવારે અબડાસા તાલુકાના મુખ્યમથક નલીયાની મુખ્ય બજારની મુલાકાત લઇને ભરાયેલા પાણીનો તત્કાલ નિકાલ કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. તેમજ જખૌ ગામ, બંદર તથા લાલા ગામ મધ્યે વાસ્તવિક સ્થિતિનો ચિતાર મેળવીને જનજીવન પૂર્વવત કરવા, રોગચાળાને અટકાવવા આગોતરા પગલા ભરવા અને નાગરિકોની સમસ્યાઓના ત્વરિત નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન તથા સબંધિત અધિકારીઓને સુચના આપી હતી. ધારાસભ્યએ શેલ્ટર હોમની મુલા-કાત લઈને આશ્રિત નાગરિકોના ખબર અંતર પુછીને સુવિધાની સમીક્ષા કરી હતી.જો કે તે પહેલા યોજાયેલી બેઠકમાં પણ અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા અને કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડાએ વીજ પુરવઠાના પુનઃ સ્થાપન અને સંદેશા વ્યવહારથી કોઈપણ ગામ વંચિત રહી ના જાય એ રીતે તાલુકાના તંત્રને કામગીરી કરવા સૂચના આપી હતી. અગ્રણી દેવજી વરચંદ અને ધવલ આચાર્યે પ્રભારીમંત્રીની સૂચનાઓનું તાત્કાલિક અમલીકરણ કરવા અને જનજીવન સામાન્ય થાય તે દિશામાં ઝડપથી કામગીરી કરવા ઉપર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જવાબદાર અધિકારીઓ હાજર રહ્યા હતા.